# જ્યોતિપુંજ

Jyoti Punj

R.N.I. No. : 11555 / 1957
Price Rs. 1/- ☆ Vol No. 69
Issue No. 5

August - 2025
Total : 48 Pages







legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTORE STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | LCS² |
| BRITZY | DLP |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY

**ADMINISTATIVE SHOP** : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail :matchwellelectric@gmail.com / finenatch@hotmail.com

**DISPLAY/GODOWN** : GR.FLR, HALAI BHATIA MAHAJAN WADI,KALBDEVI MAIN ROAD ,MUMBAI – 400 002
PHONE : 022-46051141 / **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644)**
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 932033133)**

*Authorised Distributors Stockist :*

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE

Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૯ | ૫ | ૨૧-૮-૨૦૨૫ |

છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ /તુષાર કડકીઆ

નિમીષા જી. કડકીઆ / નિલેશ દેસાઈ

**પત્રવ્યવહારનું સરનામું**

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી, નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન, વાલકેશ્વર મુંબઈ - ૪૦૦૦૦૬ (મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

DDD

**: સંસ્થાનું રજીસ્ટર્ડ સરનામું :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

DDD

**: સંસ્થાનું વહીવટનું સરનામું:**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**Email Id : bnssangh@gmail.com**

**: સમય :**

સોમવાર થી શુક્રવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

શનિવાર બપોરે ૧૨.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

DDD

Visit us at www.balasinor.in


## શ્રી કૃષ્ણની આરતી તથા ભાવાર્થ

**તંત્રી સ્થાનેથી**

- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)

**શ્રી પુનિત મહારાજને નમસ્કાર. શ્રી પુનિત મહારાજ રચિત શ્રી કૃષ્ણની આરતી સમજવાનો, ભાવાર્થ કહેવાનો એક વિનમ્ર પ્રયાસ કરી રહ્યો છું. આરતીની કડી તથા તેનો ભાવાર્થ નીચે મુજબ છે. પ્રસ્તુત છે એક ભક્તિ સભર રચના.**

**જય કાના કાળા, પ્રભુ નટવર નંદલાલા,**
**મીઠી મોરલીવાળા (૨) ગોપીના પ્યારા**
**ઓમ જય કાના કાળા**

હે ! જગદ્પતિ ! હે ! જગત્પાલક ! હે ! કામણગારા કાળિયા કાન તારો જયજયકાર હો !

હે સર્વેસર્વા, સૌના રખેવાળ, નૃત્ય સહિત સર્વ શૈલીમાં નિપુણ, સર્વગુણ સંપન્ન, નટવર નંદકિશોર, નંદબાવાના લાલ હે પ્રભુ ! આપનો જય જયકાર હો !

તારી મોરલીના મીઠા મધુરા નાદમાં ગોકુળના કણ કણ રમમાણ છે. મોરલીના કર્ણપ્રિય સૂર - તાલમાં ગોપીઓ ભાન - સાન ભૂલી જઈ, પ્રાણ પ્યારાની શોધમાં, કામકાજ ભૂલી જઈ વ્રજધામમાં આકુળવ્યાકુળ થઈ ભટકે છે.

તમે ત્રિશૂળધારી, ત્રિનેત્રધારી, જટાધારી જય શિવ શંકરના હૃદયકમળના સ્વામી એવા મારા નાથ હે! મોરપિચ્છધારી કાના તારો જયજયકાર હો !

**કામણગારા કાન, કામણ બહુ કીધાં, પ્રભુ**
**કામણ બહુ કીધાં,**
**માખણ ચોરી મોહન (૨) ચિત્ત ચોરી લીધાં,**
**ઓમ જય કાના કાળા**

સૌ ગોપીજન વલ્લભના હૃદયકમળમાં બિરાજનાર હે! કામણગારા ! કાન, તારી અપાર લીલાઓના આનંદ-ઓચ્છવરૂપી પૂર હૃદયમાં ઉમટે છે. દાણ લીલા, શ્રી ગોવર્ધનલીલા, રાસલીલા કરનારા મારા વ્હાલા ચિત્તચોર, અમે અમારું સર્વસ્વ તને અર્પણ કરી દીધું છે.

# YOGA BY BANKIM PARIKH

## ONLINE YOGA SESSIONS

CONNECT WITH YOUR SOUL



- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing

**Batch 1** : Mon to Fri - 7 am to 8 am

**Bankim : 9820434322**

RELEASE YOUR MIND AND BODY

**Blessings**

Mother : Hasumati Rajnikant Parikh
Father : Rajnikant Ramanlal Parikh
Guruji : Shri Narendra Brahmacharijee

હે ! નટવર ! નંદલાલા ! તારો જયજયકાર હો !

**નંદ યશોદા ઘેર, વૈકુંઠ ઉતારી પ્રભુ (૨)**
**કાલીય મર્દન કીધાં (૨) ગાયોને ચારી**
**ઓમ જય કાના કાળા**

લખ-ચોર્યાસી ફેરામાં જે પ્રાપ્ત નથી એવું અમૃતરૂપી વૈકુંઠધામ સ્વયં નંદ-યશોદા ઘરે બિરાજમાન થયું છે તે, હે પ્રભુ ! તારી અનંત અવિનાશી લીલા જ છે.

હળાહળ વિષ ધારી ફણીધર કાળિયા નાગની ફેણ પર નૃત્ય કરી, તેના અહંકારનું ખંડન કરનારા, ગોકુળવાસીઓને વિસ્મયકારક કરનારા હે! વ્રજ-બિહારી, મારા નાથ, કાળિયાનું મર્દન તારી નાગ-દમન લીલાનું જ પરિણામ છે.

હે ! રાધારમણ ! હે ! ગોપાલ ! તેત્રીસ કરોડ દેવી-દેવતાઓનો જેમાં વાસ છે, તે ગૌમાતાનું પાલન, પોષણ, રક્ષણ કરનારા મારા ગોવિંદ, ગોપાલા તારો જયજયકાર હો !

**ગુણ તણો તુજ પાર કેમે નહીં આવે, પ્રભુ**
**કેમે નહીં આવે**
**નેતિ વેદ પુકારે (૨) પુનિત શું ગાવે ?**
**ઓમ જય કાના કાળા**

જો નીલ પર્વત જેટલું કાજળ હોય, મહાસાગર જેવડો ખડિયો હોય, કલ્પવૃક્ષના ડાળની કલમ હોય, પૃથ્વી જેવડો કાગળ હોય અને એ બધું લઈને તેના વડે સાક્ષાત્ સરસ્વતી સદાકાળ લખ્યા કરે તો પણ હે ! નાથ ! આપના દિવ્ય ગુણોનો પાર આવે નહિ.

ભૂત, ભવિષ્ય અને વર્તમાનના ત્રિકાળજ્ઞાની મારા નાથ, સર્વ ભૂખંડ, બ્રહ્માંડ, આકાશમાં, શ્વાસની આવન જાવનમાં તારા ગુણગાન ગાતા, વેદ, ઉપનિષદ, ભાગવત, પુરાણ વગેરે ગ્રંથોનો વાસ છે.

હે સુદર્શનચક્રધારી તારી નિત્ય કૃપાથી સદા સર્વદા બધું શ્વસે છે, વસે છે, આનંદ-પરમાનંદમાં રમમાણ રહે છે. હે ! નાથ ! આપનો જય જય કાર હો !

પરમપૂજ્ય શ્રી પુનિત મહારાજને મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

શ્રી પુનિત મહારાજે 'શ્રી કૃષ્ણની આરતી' નું હૃદયના શુદ્ધભાવથી પ્રાગટ્ય કર્યું છે. કૃષ્ણ કૃપાળા પર તેઓને જે અનંત શ્રધ્ધા અને વિશ્વાસ છે, તે પૂર્ણભાવરૂપથી આ આરતીમાં ચરિતાર્થ કર્યો છે.

દાસ ભાવે તેઓ શ્રીકૃષ્ણના ગુણગાન દર્શાવવામાં અપૂર્ણતા, અસામર્થ્ય દાખવે છે.

તેઓની શ્રીકૃષ્ણભક્તિની અભિવ્યક્તિમાં આપણને શુધ્ધ-પવિત્ર-ભાવ, સંપૂર્ણ સમર્પણ ભાવ અને પ્રેમલક્ષણા ભક્તિનું અલૌકિક દર્શન થાય છે.

**ગોવર્ધન તોળ્યો પ્રભુ ટચલી આંગળીએ, (૨)**
**ઈંદ્રનો ગર્વ ઉતાર્યો, જય જય ગિરધારી**
**ઓમ જય કાના કાળા**

શ્રી ગોવર્ધન લીલાના ઉત્કૃષ્ટ દ્રષ્ટાંત દ્વારા સત્ય શું છે ? સર્વશક્તિમાન કોણ છે ? જે મહર્ષિ વેદવ્યાસના શ્રીમદ્ ભાગવતમાં આલેખી છે. તેની શ્રી પુનિત મહારાજ અહીં ઝાંખી કરાવે છે. કૃષ્ણ અને બલરામ વ્રજમાં રહેતાં હતાં ત્યારે તેમણે ગોવાળિયાઓને ઈન્દ્રના યજ્ઞની તૈયારી કરતા જોયા, ભગવાને ગોવાળિયાઓને પૂછયું,' શાની તૈયારી કરો છો ?' ગોવાળિયાઓ કહે ઈન્દ્રના યજ્ઞની તૈયારી કરીએ છીએ. ઈન્દ્ર પૃથ્વી પર વરસાદ વરસાવી સૌ જીવોને જીવાડે છે. તેથી તેને પ્રસન્ન કરવા માટે યજ્ઞ કરવાની તૈયારી કરીએ છીએ. લાડલા લાલે કહ્યું,'જગતમાં દરેક વસ્તુ કુદરતના ક્રમ અનુસાર જ થતી હોય છે. કદાચ ઈન્દ્ર વગેરે દેવોની યોગક્ષેમ માટે જરૂર હોય છતાં આપણે તો વનવાસી છીએ આપણે તો આપણાં કલ્યાણ માટે પર્વતો અને વનોની પૂજા કરવી જોઈએ.' ઈન્દ્રના ગર્વનો નાશ કરવા ઈચ્છતા માધવે ગોવાળિયાઓ પાસે શ્રી ગોવર્ધન પર્વતની પૂજા કરાવવા તૈયાર કર્યા. મોહન કહે,'ગાયોને શ્રી ગિરીરાજ લઈ જઈએ. ગાયના દૂધનો અભિષેક કરીએ.

II Shree Ganeshay Namah II

SERVING SINCE 1989

# TRADE LINK

RIGHT PLACE. RIGHT CONNECTION.

Authorised Channel Partner : AJMERA, CONNECTWELL, COMPAQ, HENSEL & HPL

**AJMERA**
Marine Lights & Switchgears, Junction Boxes, Industrial Switchgears.

**HENSEL**
PASSION FOR POWER
Junction Boxes (IP 55/65/66/67/68), Mcb Boxes, Street Light Pole Boxes, Cable Drums, Glands.

**connectwell**
The Right Connection
Connectors and terminal blocks
Relay interface module

**PCE**
Plugs and sockets, couplers, switched wall socket with interlocking

**COMPAQ**
CONNECTING POWER
Cable Jointing Kit & Termination Kit.

**HPL**
Onload Changeover Switch, ATS, MCCB, MCB, RCCB, Contactors, ACB, Switch Disconnector Fuse Energy Meters.

H.O. : 301, 3rd Floor, Ajmera Midtown, Ramdas Building CHSL, Popatwadi Corner, Kalbadevi Road, Mumbai - 400002.
Warehouse : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
Phone : 022 3194 9901 **Mob.:** +91 79779 11412 / 98211 15849
E-mail : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

Website : www.tradelinkindia.net

અનાજ, ખેતરના ધાન લઈ જઈ જાત જાતના ભોજન, વ્યંજનો બનાવીએ અને શ્રી ગિરીરાજ ઉત્સવ કરીએ.

ગોવાળિયાઓએ શ્રી ગિરીરાજને જાતજાતનાં મિષ્ટાન ધરાવ્યાં. શ્રી ગોવર્ધનને ભાતનો શ્રી ગિરીરાજ કરી ધર્યો. રાજભોગ ધરી પરમેશ્વરની આરાધના કરી.

પરમ કૃપાળુ પરમાત્માએ શ્રી ગિરીરાજ મહોત્સવ ઊજવ્યો અને સૌ સૌને ઘરે સિધાવ્યા. ઈન્દ્રએ ક્રોધે ભરાઈ મેઘને આજ્ઞા કરી,'આ વ્રજનો નાશ કરો' અને તે પ્રમાણે પ્રલયકાળ જેવો અનરાધાર વરસાદ વરસવા લાગ્યો. વૃંદાવન જળરાશિમાં ગરકાવ થવા લાગ્યું. વ્રજવાસીઓ ગભરાવા લાગ્યાં અને શ્રી મુરલીધરને પોકારવા લાગ્યા કે,'હે કૃષ્ણ કનૈયા આ મેઘ વરસે છે શું કરીએ ?'

પરમકૃપાળુ શ્રી કૃષ્ણ કહે,'આપણે શ્રી ગિરીરાજની પૂજા કરી છે તેને જ શરણે જઈએ.' બધાં વ્રજવાસીઓ ગાય, વાછરડાંને લઈને આવ્યા. નટખટ શ્રી કૃષ્ણએ કહ્યું,'બધાં આવી જાવ.'

પ્રભુએ પોતાનાં પિતાંબરનો છેડો ફાડી શ્રી ગિરીરાજ પર ધ્વજા ફરકાવી, પોતાની ટચલી આંગળીથી શ્રી ગિરીરાજને ધારણ કર્યો. સાત દિવસ સુધી ભગવાને શ્રી ગિરીરાજને ટચલી આંગળી પર રાખ્યો. સર્વ વ્રજવાસીઓને, ગાય, વાછરડાંને આશ્રય આપ્યો.

ઈન્દ્રએ વિચાર કર્યો,'મેં પ્રભુને ઓળખ્યા નહીં.' ઈન્દ્રએ નીચે આવીને ભગવાન શ્રીકૃષ્ણને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

આમ ઠાકોરજીએ શ્રી ગિરીરાજને ટચલી આંગળી પર તોળ્યો અને ઈન્દ્રનું અભિમાન તોડયું.

હે પરમકૃપાળુ કેશવ, હૈ કૃષ્ણ કનૈયા લાલ, આ સૃષ્ટિના કર્તા, હર્તા, ધર્તા બધું જ આપ છો. આપની અનુમતિથી જ સર્વ શક્ય બને છે. આપ સર્વાધાર છો. આપ શ્રેષ્ઠ છો. મારા નાથ ! હે ! જગતના પાલનહાર ! હે ! સર્વેશ્વર આપનો જયજયકાર હો ! P P


Dent Villa
The Complete Family Dental Care
Dr. Shikha Dharia
BDS
Treatments we offer :
- Consultation with X-ray
- Scaling
- Root Canals
- Filling
- Implants
- Dentures
- Crowns
- Teeth whitening
- Orhtodontic treatment
- Child dental care
- Dental jewellary

To avail a free consultation and 15% Discount on all your treatment
Call us on :
8779558970
8879088330
dr.shikhadharia@gmail.com
Address : 9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai 400 007
Monday to Saturday : 10.00am to 8.00pm

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

# norisys®



Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.

**Authorised Distributors:**

## DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

## SENTINEL ELECTRIC CO.

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**શ્રીમતી શાંતાબેન કાંતિલાલ લાલચંદ દોશી તથા**
**શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા) પુરસ્કૃત**

# મહિલા વિભાગ

**સહદાતા : શર્મિષ્ઠાબેન રજનીકાંત કડકીઆ અને રશ્મિકાબેન સુરેશચંદ્ર પરીખ**

મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ એટલે ‘દાંડિયા રાસ’ ની રમઝટ જે શનિવારે, તા. ૨૦-૯-૨૦૨૫ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે રાખેલ છે.

**સ્થળ :** BCA ગરવારે કલબ હાઉસ, બેન્કવેટ હોલ, ૨ જે માળે, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦૦૨૦

આગામી કાર્યક્રમના પાસના રૂપિયા ૨૫૦/- અને લ્હાણીના રૂપિયા ૨૫૦/- રાખેલ છે. આ કાર્યક્રમના પાસના તેમજ લ્હાણીના પૈસા બુધવાર, તા. ૩-૯-૨૦૨૫ પહેલા મહિલા વિભાગની કોઈપણ કમિટી મેમ્બર પાસે પોતાના નામ અને તેની રકમ જમા કરાવીને નોંધાવી શકો છો. આ ઉપરાંત સંસ્થાની ઓફિસ શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી.રોડ પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦૦૦૪ ખાતે બુધવાર, તા. ૩-૯-૨૦૨૫ ના રોજ બપોરે ૩.૩૦ થી ૫.૦૦ કલાકના સમય દરમ્યાન આવીને આપી શકો છો.

આ રાસ-ગરબા ઉંમર પ્રમાણે અલગ અલગ ગ્રુપ બનાવીને રમાડવામાં આવશે. દરેક ગ્રુપમાંથી ‘Best performance’ માટે અને ‘Best Dress’ માટે ‘Select’ થયેલ વિજેતાઓને ઈનામ આપવામાં આવશે.

**ખાસ સૂચના :**

૧. મહિલા વિભાગની જે બહેનો સભ્યો હોય તે બહેનોના ૭ વર્ષની ઉંમર સુધીના બાળકોને આ કાર્યક્રમ માટે ‘ફ્રી’ માં પ્રવેશ મળશે.

૨. મહિલા વિભાગની જે બહેનો સભ્યો હોય તે બહેનોના ૮ વર્ષથી ૧૮ વર્ષ સુધીના બાળકોને આ કાર્યક્રમમાં પાસના રૂપિયા ૨૫૦/- ભરીને પ્રવેશ મળશે. મેમ્બરશીપ લેવી જરૂરી નથી. (નામ લખાવતી વખતે અને કાર્યક્રમને દિવસે ‘Age Proof’ તરીકે ‘ID’ કાર્ડ સાથે લાવવું જરૂરી છે.

૩. ૧૮ વર્ષથી વધુ ઉંમરની કોઈપણ બહેનોએ સર્વ પ્રથમ મહિલા વિભાગની મેમ્બરશીપ લેવી પડશે. ત્યારબાદ જ ઉપર જણાવેલ પાસની રકમ જમાં કરાવીને પોતાનું નામ નોંધાવી શકે છે.

આ કાર્યક્રમમાં તેમજ આવનાર દરેક કાર્યક્રમમાં તમારો ‘Pass and Membership Card’ સાથે લઈને આવવું જરૂરી અને ફરજિયાત છે.

**મંત્રી - અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**
**સંયોજક - તેજશ્રી પ્રશાંત પરીખ (૯૮૩૩૮૭૪૫૦૬)**



NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

# Crescent Electricals

*Specialist In* : ANALOG & DIGITAL MEASURING INSTRUMENTS, PROCESS INSTRUMENTS, UPS & INVERTORS.

## AUTHORISED DEALER OF

**MULTISPAN**
- Digital Temp Controller
- Digital Timers
- Digital Counters
- Process Indicator
- Jumbo Display
- Signal Isolator

**NIPPEN** ® — *Reliable Performance*
- Digital Multi Function Meter
- Analog Meter
- Meggar / Earth Tester
- CT'S
- APFC Relay

**KAYCEE KI**
- Rotary Cam Switches
- Micro Switches
- Counter Meter
- Hour Meter
- Toggle Switches

**select**
Rotary, Cam, Toggle, Micro Switches

**SENTRI**
Single Phase & Three Phase Stabilizer & Transformer

**Elent**
CVT / UPS

**minilec** ®
- Protection Relays
- Water Level Controller
- Window Annunciators

**AARYAN**
A P F C RELAY

**recom** ®
Rotary, Cam Switches Toggle & Micro Switches

**FLUKE** **MECO** ® SINCE 1962
- Multi Meter / Clamp Meter
- Tacho Meter
- LUX Meter

**PARAGON** Digital Temp. Controller, Timer
**I-THERM** Digital Temp. Controller, Timer
**WACO** Insulation Tester, Digital Earth Tester
**MICROTEK** Inverter and Online UPS
**PROTON** Timer / Window Annunciators
**NRG** Current Transformer
**TAIE** PID Controller

Ground Floor, Shop No. 4, Botawala Building, Behind Bank of India, 475, Kalbadevi Road, Mumbai - 400 002.
Tel. (O) : 2206 5992 / 69333345 / 98215 44950 | Email : crescentelectricals81@gmail.com

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ

- પ્રશાંત સુરેશચંદ્ર પરીખ

સામાન્ય શબ્દોમાં સમજીએ તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કોમ્પ્યુટરની મદદથી મશીનમાં માનવ જ્ઞાન, વિચારો, લાગણીઓ અપલોડ કરવા અને માત્ર કોમ્પ્યુટરની મદદથી તેનો ઉપયોગ કરવો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ કોઈ કુદરતી જ્ઞાનનો ભંડાર કે બુદ્ધિ નથી. તેમાં માનવ સંવેદનાઓ, જ્ઞાન, અનુભવો, વિચારો, લાગણીઓ અને બુદ્ધિનો ઉપયોગ થાય છે.

આજના મશીન યુગમાં સૌથી વધારે ચર્ચા હોય તો તે એ.આઈ. છે, એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, જે પ્રકારે તેનો વિકાસ થઈ રહ્યો છે તેના પરથી લાગે છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવ બુદ્ધિનું કેન્દ્રબિંદુ બની રહ્યું છે. કોમ્પ્યુટર વિજ્ઞાનની અદ્‌ભૂત શોધ પૈકીની એક અને સૌથી શક્તિશાળી શોધ એટલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. આજે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં માનવ બુદ્ધિ, વિચારો અને લાગણીઓ સિમ્યુલેટે થાય છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી કોમ્પ્યુટર સિસ્ટમ પહેલા કરતા વધુ વિકસિત થઈ છે. ત્યારે તેના ઉપયોગ, તેના ફાયદા અને ગેરફાયદા અંગે ચર્ચા કરવી જરૂરી છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની શરૂઆત ૧૯૫૦ના દાયકામાં થઈ હતી પરંતુ તેને ઓળખ ૧૯૭૦ ના દાયકામાં મળી. ૧૯૮૧માં જાપાનની પહેલ બાદ ફિફ્થ જનરેશન નામની યોજના શરૂ થઈ હતી. જેમાં સુપર કોમ્પ્યુટરના વિકાસ માટે ૧૦ વર્ષની એક રૂપરેખા તૈયાર કરાઈ હતી. ત્યારબાદ બ્રિટને જાપાનના પથ પર આગળ વધી એલવી નામનો પ્રોજેક્ટ તૈયાર કર્યો. પછી તો યુરોપિયન યુનિયન દ્વારા એસ્પ્રિંટ પ્રોજેક્ટ શરૂ કરાયો. જે બાદ કેટલીક ખાનગી સંસ્થાઓએ મળીને ૧૯૮૩ માં એક કન્સોર્ટિયમ માઈક્રો ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્પ્યુટર ટેક્નોલોજીની સ્થાપના કરી. જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે લાગુ પડતી અદ્યતન ટેક્નોલોજી જેવી કે વેરી લાર્જ સ્કેલ ઈન્ટિગ્રેટેડ સર્કિટ વિકસાવે છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સૌથી વધારે ઉપયોગ રોબોટની ટેક્નોલોજીમાં થાય છે. હવે, અદ્યતન યુગમાં ડિજિટલ અને લકઝરી કાર, મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન અને એરોપ્લેનમાં પણ તેનો ઉપયોગ થઈ રહ્યો છે. તે ઉપરાંત સુપર કોમ્પ્યુટર, પર્સનલ કોમ્પ્યુટર, વિડીયો અને કોમ્પ્યુટર ગેમ્સ, આધુનિક ઉપકરણો જેવા કે માઈક્રોવેવ, ઓવન, હેલ્થ કેર અને હ્યુમન બોડી કેર તેમજ એર કંડિશનરમાં પણ તેનો ઉપયોગ થઈ રહ્યો છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ જ્ઞાનાત્મક વિજ્ઞાનના ક્ષેત્રે ખુબ જ વ્યાપક છે. જેમાં મગજ અને તેની પ્રક્રિયાઓનો અભ્યાસ છે. તે કોઈ પણ માનસિક કામગીરી અથવા રચના જેનો ચોક્કસ અભ્યાસ અશક્ય છે, તેનો તે અભ્યાસ કરે છે.

જ્ઞાનાત્મક વિજ્ઞાનના અભ્યાસને ટેમ્પોરલ તરીકે વર્ગીકૃત કરી શકાય છે. જેમાં પ્રથમ સિમ્બોલિક અને બીજું કનેક્શનિસ્ટનો સમાવેશ થાય છે. સિમ્બોલનો ઉપયોગ કરીને ગણતરીના સિદ્ધાંત અને માનસિક મોડલ કાર સિસ્ટમ દ્વારા શક્ય છે. જ્યારે કનેક્શનિસ્ટ એટલે સબ-સિમ્બોલિકનો અભ્યાસ ત્યારે જ કરી શકીએ જ્યારે અકુદરતી તટસ્થ નેટવર્ક્સ પર શારીરિક માનસિક લાક્ષણિકતાઓનો ઉપયોગ શક્ય હોય. જ્યારે ત્રીજું પાસું ડાયનેમિક સિસ્ટમ છે. જે ગતિશીલ સિસ્ટમ દ્વારા વર્ણવતી તમામ તત્વોને એકબીજા સાથે સંબંધિત કરે છે.

જ્ઞાનાત્મક વિજ્ઞાનના પ્રતીકાત્મક અભિગમમાં ઉપયોગમાં લેવાતા મુખ્ય સિદ્ધાંતો છે. જેમાં વિશ્લેષણની વિવિધ પધ્ધતિઓ અને જેના આધારે મન અને મનનો અભ્યાસ શક્ય છે. એક સામાન્ય વસ્તુ જેનો ઉપયોગ સમજાવવા માટે થાય છે. તેને એલોએ કહેવાય છે. જે કમ્પ્યુટર અને મનની સરખામણી છે. તેના બે સ્તર પૈકીનું પહેલું કમ્પ્યુટર હાર્ડવેર અને બીજું કમ્પ્યુટર સોફ્ટવેર છે.

# Shah & Shah Enterprise

Reg.Office - 1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.

Sales Office - Ashoka Shopping Center, Office No: 41, 1st Floor, L.T. Marg, Mumbai - 400001.

+91-9819817568 / 9867013920 sales@shahent.co.in www.shahent.co.in

022-49737568 / 022-46198033

## Authorized Stockists:


MERSEN
Expertise, our source of energy



SPDs




Midget Fuse links



Solar Pv Fuse



Time Delay Fuse




Bs Semiconductor Fuses

D-Link®
Building Networks for People



Lan Network Cable



Cat 6 Cable



Copper Structure Cabling



Fiber Cabling

CITEL



Wind Turbine



AC Power



Photovoltaic

www.shahent.co.in

જેને કાર્યાત્મક સ્તરે સાથે રાખવા ઓપરેટિંગ સિસ્ટમ જરૂરી છે.

જ્ઞાનાત્મક વિજ્ઞાન શિસ્તબદ્ધ ક્ષેત્ર છે, જેમાં મનોવિજ્ઞાન, ન્યુરોસાયન્સ, ફિલસૂફી, કમ્પ્યુટર વિજ્ઞાન સહિતના ક્ષેત્રોનો સમાવેશ થાય છે પરંતુ જ્ઞાનાત્મક વિજ્ઞાન અને સામાન્ય વિજ્ઞાન વચ્ચે હજુ પણ ઘણો તફાવત છે.

એઆઈ મિકેનિઝમ્સ એ એક કૃત્રિમ સિસ્ટમ્સ છે, જે સ્વંસંચાલિત છે અને તે ઈન્ટરફેસ એન્જિનનું પરિણામ છે. જે શરતો અને પરિબળો પર આધારિત છે.

એઆઈનો ઉપયોગ અનેક પ્રકારે થાય છે. જેમાં દાખલા ઓળખવા, કમ્પ્યુટર વિઝન, વર્ચ્યુઅલ રિયાલિટી ઈમેજ પ્રોસેસિંગ, કૃત્રિમ બુદ્ધિ અથવા નિદાન, ગેમ AI અને કોમ્પ્યુટર ગેમ તેમજ ઓપ્ટિકલ કેરેક્ટર રેકગ્નિશન, સિગ્નેચર આઈડેન્ટિફિકેશન અને ચહેરાની ઓળખ માટે થાય છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ફાયદા એટલે વ્યક્તિ કરતા ઝડપથી કામ પૂર્ણ કરવાની ક્ષમતા. કામમાં ભૂલ અને ખામી ઓછી થાય છે. જટિલ સોફ્ટવેરને સરળતાથી સમજી શકાય તેવું બનાવી શકાય. સંસાધન અને સમયનો દુરુપયોગ ઘટાડી લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ગેરફાયદામાં વ્યક્તિ જેવી ક્વૉલિટી આવતી નથી. નવી પેઢી માટે ખતરો છે. માહિતીનું કોઈ ફિલ્ટરિંગ નથી.

ઈન્ટરનેશનલ ડેટા કોર્પોરેશન અનુસાર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું ભારતમાં માર્કેટ ૨૦૨૦ માં ૩.૧ બિલિયન યુએસ ડોલરથી વધીને ૨૦૨૫ સુધીમાં ૭.૮ બિલિયન યુએસ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. એટલું જ નહીં આજે વિશ્વભરમાં સૌથી વધારે એઆઈનો ઉપયોગ પણ ભારતમાં થઈ રહ્યો છે. ડગલે ને પગલે તેનો ઉપયોગ ભારતના ભવિષ્ય માટે એક જોતા સારે પણ છે પરંતુ તેના ગેરલાભ પણ વધારે છે.


**20 % DISCOUNT**

**DR. SPINA MEHTA CHOKSI**

# THE DENTAL BAY

*For a Lifetime of Smiles*

**Our services :**

- **Implant**
- **Smile Designing / Cosmetic Dentistry**
- **Child Dental Care**
- **Wisdom Tooth Extraction**
- **Root Canal Treatment**
- **Teeth Whitening**
- **Orthodontic Braces - Invisalign**
- **Full Mouth Rehabilitation**

**Number : 9819611045 / 9833250129**

***Shifted To***

102, First Floor, Doctor Centre, Above Litolier Floorings, Kempscorner, Mumbai - 400036

BHARAT K. DOSHI
98210 27136

PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India Pvt. Ltd.**

Schneider Electric




**H.O. (Mumbai) :**

306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
**Tel. :** (+91-22) 24912634 / 24942080 / 49711049, **Mob. :** (+91) 86557 73601
**E-mail :** sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

**Regional Offices :**

**SOUTH :** #3440,Ground & First Floor, Service Road, R.P.C.Layout, Vijayanagar, Bangalore-560040.
**E-mail :** blr.sales@novatek.net.in

**EAST :** 196B, Jodhpur Park, Ground Floor, Kolkata - 700068.
**E-mail :** sales.kolkata@novatek.net.in

**Marketing Offices :** Bhubneshwar, Chennai, Guwahati, Hyderabad, Nagpur, Nashik, Tirupati, Vizag.

(CIN) U31104MH2009PTC191569


**www.novatek.net.in**

# PRABHAT CABLES PVT. LTD.

**HEAD OFFICE : MUMBAI**

**BRANCHES :**
**RAIPUR • BHUBANESWAR • KALABURAGI • HUBBALLI • BENGALURU • GUWAHATI**

**HEAD OFFICE :**
33, Pathak Wadi, Ismail Building, 1st Floor, Lohar Chawl,
Mumbai - 400 002, Maharashtra, India.
Tel.: +91 22 4922 4200 / 2208 5153
Email : prabhatcables@gmail.com / info@prabhatcables.com
Website : www.prabhatcables.com




nipa
Nipa Commercial Corporation
application base solutions
55 years
WATER PUMPS
CHEMICAL PUMPS
MOTORS & GEAR
GENERATORS
CONSTRUCTION MACHINES
CLEANING EQUIPMENT
GARAGE EQUIPMENTS
GARDEN MACHINES
WELDING MACHINE
WORKSHOP MACHINES
MATERIAL HANDLING
PNEUMATIC TOOLS
Crompton
Bharat Bijlee
STIHL
KÄRCHER
HONDA
penta
HAVELLS
SAROVER
SHOWROOM: Plot No. 105/24, Janta Market Turbhe, Navi Mumbai 400 705.
MOB.: 98201 30161 I 9930131001 • E-mail.: info@nipa.asia I BRANCHES: ANDHERI & KALBADEVI

## શક્તિ-ઉપાસના એટલે નવરાત્રીનાં દિવસો

- ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ (લાલખા)

આપણા ભારત દેશ પાસે સંસ્કૃતિની એક મહાન, ભવ્ય, દિવ્ય ઈમારત છે. ચિંતનનો પરંપરા રૂપી અણમોલ વારસો છે. અલૌક્કિ દ્રષ્ટિ છે. ધરતી માતાને : મા માંગલ્યનાં ભાવથી પૂજતા ડૂબતાને ઉગારવાની સંસ્કૃતિની આસ્થા છે. નિરાશાની ગર્તામાં ધકેલાયેલાને ઉત્સાહિત કરી શકવાની હૃદય ભાવના છે. સંસ્કૃતિ શબ્દનો અર્થ એટલે સમ્યક કૃતિ; ઈશ્વર તત્ત્વનું સૌથી ઉત્તમ સર્જન ઈંગ્લિશ ભાષા સંસ્કૃતિ શબ્દનાં અર્થને બે અલગ વ્યાખ્યાથી સમજાવે છે. એક તો 'સીવીલાઈઝેશન' અને બીજો શબ્દ વપરાય છે 'કલ્ચર સીવીલાઈઝેશન' એટલે આપણાં 'સામાજીક વિકાસની પ્રગતિ' અને 'કલ્ચર' એટલે જીવન શૈલી જીવતા જીવનની રીત. આપણાં ઉત્સવ એટલે આપણાં હૃદયનાં ભાવને તેમજ શાસ્ત્રીય સમજણનાં ભાવનાં વહેણને છલકાવવાની વૃત્તિ કવિ ન્હાનાલાલે સરસ કવિતા લખી છે. તેઓ આપણાં ભારતદેશને ઉદ્‌બોધીને લખે છે,'ભારત દેશનાં વિજયટંકાર રક્તરંગી નથી, દેહનાં નહિં પણ દૈવી છે. આત્માની પરમ શાંતિનાં છે. જડતાનાં નથી, ચેતનાના છે. અવનીનાં આધ્યાત્મિક ઉધ્ધાર ને અર્થે જન્માવી છે. ભારતમાતા ને જગન્નાથે જીવતી રાખી છે, જીવતી રહેશે. સત્યમેવ જ્યતે નાનૃતમ!' આધુનિક કાળમાં વિજ્ઞાન અતિરિક પ્રાધાન્ય અપાયું છે પરંતુ પૃથ્વી પરનાં માનવને કોણ સમજાવી શકે. વિજ્ઞાનની શોધખોળો એ નહિં પરંતુ રાષ્ટ્રની સાંસ્કૃતિક પરંપરા : ઋષિઓ તેમજ સંતો દ્વારા થયેલું દિગ્દર્શન રાષ્ટ્રને સજીવન રાખે છે. માનવને ઉત્તમ જીવનની પ્રેરણા આપે છે. આસો માસનાં શુકલ પક્ષમાં આવતા નવરાત્રીનાં દિવસો એટલે શક્તિ ઉપાસનાનાં દિવસો. શક્તિ ઉપાસના નાં દિવસો માટે ખૂબ જ .....

'યા દેવી સર્વ ભૂતેષુ મા શક્તિ રુપેણ'

અર્થાત માનવ જાતે આ ધરતી પર સામર્થ્ય અને સહ જીવવાનું છે અને તેથી જ શક્તિ ઉપાસનાનાં આ દિવસોનાં મહત્વને સમજીએ છીએ. દૈવી વિચારોને ટકાવી રાખવા તેમજ દૈવી આચરણ કરવા સામર્થ્યની જરૂર હોય છે. જ્ઞાન કહે છે : જે ક્ષણે આપણી શક્તિ ઉપાસના શિથિલ થાય છે તે ક્ષણે આસુરી વૃત્તિ હુમલો કરે છે. આ સનાતન સત્યની અવગણના કરવાનું આપણને પાલવે એમ નથી. તેથી જ શક્તિ ઉપાસનાનાં દિવસોનાં મહત્ત્વને સમજે છે. આ શક્તિ ઉપાસનાનાં દિવસો એટલે નવરાત્રીનાં દિવસો ! મા જગદંબા-જગદ્‌જનની ની ઉપાસના કરતા મા ને સામર્થ્ય માટેની પ્રાર્થના કરી, શક્તિ ઉપાસના કરવી એટલે નવરાત્રીનાં દિવસો ! મા જગદંબા - જગદ્ જનની ની ઉપાસના કરતાં મા ને સામર્થ્ય માટેની પ્રાર્થના કરી, શક્તિ ઉપાસના કરવી એટલે નવરાત્રીનાં દિવસો !

આપણા ભાવાત્મક ગુણો વગરનાં સ્વભાવ તેમજ

**SANKALP ASTROLOGIST CONSULTANT**

**શ્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**
ટ્રસ્ટી
શ્રી શામળાજી વિષ્ણુ મંદિર (શામળાજી)
જ્યોતિર્વિદ મુંબઈ

**જ્યોતિષ વિષારદ, કર્મકાંડ વિષારદ**
**(મૂડેટી - અમદાવાદ)**
જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર લેન,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
Email : bhattgopal59@gmail.com


V.B.R. ELECT. & ENGG. CO.
Ground Floor Inside, 27/33, Ismail Building, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400002
Tel.: 2208 7739 • TF : *7724 • Mob. : 98192 17375 • 79774 73064
Email : shivamkadakia71@gmail.com
AUTHORISED DISTRIBUTORS
Use 'APAR ANUSHAKTI' E-BEAM enriched PREMIUM House Wire to avoid FIRE, Heat Resistance upto 105°C temperature.
APAR
Tomorrow's solutions today
FSAI
Fire & Security Association of India
L&T Electrical & Automation
enGem
entice
englaze
ORIS
WOODEN METAL & GLASS PLATES FULL RANGE AVAILABLE.
VTPN DB
TPN Double Door
MCB
MCB
RCBO
RCCB
TATA POWER EZ HOME AUTOMATION
WARRANTY : 2 YEARS
5A SWITCH
CONTROLS 2 ELECTRICAL POINTS
16A SWITCH
CONTROLS 1 HIGH LOAD ELECTRICAL POINT
FAN SWITCH & REGULATOR
CONTROLS 1 FAN
PIR MOTION SENSOR
SMART PLUG
CONTROLS APPLIANCES
3 GANG 2 WAY 16A CONVERTOR
CONVERTS 3 CONVENTIONAL SWITCHES TO SMART SWITCHES
KEW
SWITCHGEARS
Upto 200 Amps
Switch Fuse
Upto 600 Amps
Fuse Switch
Upto 1000 Amps
Busbar Chamber
Upto 3150 Amps
Onload Changeover
Upto 630 Amps
ATS

આચરણને સુધારવાનાં દિવસો ! રાક્ષસ મહિસાસૂરની આસૂરી શક્તિ અને દેવતા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ને કરાયેલી પ્રાર્થનાઓનાં પરિણામની વાત સદીઓથી આપણે સૌ જાણીએ છીએ. સતત નવ દિવસ ચાલેલા યુદ્ધ બાદ આસૂરો પર દેવો દ્વારા થયેલા વિજયને સદીઓથી ઉજવાય છે. ક્યાંક 'મા જગદંબા' તો ક્યાંક 'મા દુર્ગા' તેમજ ગુજરાતમાં 'મા અંબા' તરીકે પ્રચલિત છે. ગુજરાતમાં તો નવ દિવસ મા અંબાની સ્થાપના કરી યુવાન-યુવતી હાથમાં માટીનાં ગરબામાં દિવડો પ્રગટાવી સ્તુતિ કરતા ગીતો ગાતા અને તાળીઓનાં તાલે ભક્તિભાવમાં તલ્લીન થઈ નાચી ઉઠતા. સમય જતાં તાળીઓનાં તાલ સાથે શ્રીકૃષ્ણ-રાધાજીની યાદને અમર કરવા દાંડિયા જોડાયા. આમ મા જગદંબા, મા દુર્ગા, મા અંબા 'માતૃ તત્વ' નાં ભાવથી પૂજાય છે.

શ્રી કૃષ્ણ પ્રભુ ભગવદ્‌ગીતામાં મનુષ્યને 'મમૈવાંશ' શબ્દથી સંબોધન કરી મનુષ્ય એમનો જ અંશ છે એ ભાવ વ્યક્ત કર્યો છે. તેમજ પરમેશ્વરનું શ્રેષ્ઠ સર્જન માનવનું ગૌરવ વધાર્યું છે. પરમેશ્વરનાં આ શ્રેષ્ઠ સર્જન માનવને હંમેશા ઉન્નતિનાં શિખરો પર સ્થિર માર્ગદર્શન કરતાં ઋષિમુનીઓ દ્વારા સર્જિત વિચાર-પ્રણાલી સમય જતાં શુષ્ક ઉપદેશ બની રહી ન જાય એ માટે શાસ્ત્રકારોએ વિવિધ વિચારસરણી ગોઠવી ઉત્સવોની રચના કરી જેથી માનવ હૃદય સદીઓ સુધી ભાવનાઓનો પ્રવાહ વહાવતો રહે. તેથી નવરાત્રીનાં દિવસોમાં તો સ્ત્રી-પુરુષ સાથે સાથે હૃદયનાં પ્રવાહને નૃત્ય અને સંગીતની મૌન ભાષામાં તલ્લીન થઈ એમની યુવાની નાચી ઉઠે છે. હૃદયની ભાષાને અભિવ્યક્ત કરી રહે છે. શ્રી ઉમાશંકર જોષી સુંદર લખે છે,'ખંખેરી ફેંકી દે વૃક્ષ પાંદડા, ના કદી થડ, રુઢિઓ ખરતી રૂક્ષ, ટકી રહે સાંસ્કૃતિક વડ'.


**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. - ૯૫૯૪૩૨૬૨૦૨**

।। શ્રી વલ્લભ ।।

**SHREEJI AROMA**

**પુષ્ટિમાર્ગ સુગંધ ઋતુ પ્રમાણે**

**ઉષ્ણકાલ (માર્ચ થી જુન)**
ગુલાબ, રુહ ગુલાબ, મોગરા, ખસ, જુઈ, ચંપા સોંધો, બોરસલી, વ્રજસૌરભ


**વર્ષાઋતુ (જુન થી ઓક્ટોબર)**
કદંબ, કેવડા, પાનડી, માટી, સોંધો

**શીતકાલ (ઓક્ટોબર થી જાન્યુઆરી)**
હીના, અંબર, કસ્તુરી, કેસર, સોંધો

**ફાગણ (ફેબ્રુઆરી થી માર્ચ)**
કેસર, સોંધો, ગુલાબ, વ્રજસૌરભ

**બારેમાસ ધરવા માટે**
ગુલાબ, મોગરા, સોંધો, વ્રજસૌરભ, બરાસ

**Rohitbhai : 9819627744**
138 ,Princess Street, Govind Building, Mumbai - 400002
Website : www.shreejiaroma.com
Email : info@shreejiaroma.com/sales@shreejiaroma.com


SIEMENS
Ingenuity for life
Tried. Tested. Trusted.
Widest range of Low Voltage Controls and Power Distribution Products
Answers for Industry.
3RT Power Contactors
Thermal Overload Relays - 3RU
MCCB Sentron - 3VM
MPCB - 3VS
Betagard MCB - 5SL6
Betagard MCB - 5SL4
AUTHORISED DEALERS
INDIAN TRADE AGENCIES
151, Princess Street, Bhabha Bldg.,
Gr. Floor, Lohar Chawl, Mumbai 400002.
22083338 • 22030153
indiantradeagencies@hotmail.com

# રંગોળી

- તંત્રી મંડળ તરફથી









# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત

# ૭૨ મો વાર્ષિક રસોત્સવ

**મુખ્ય મહેમાન**

## શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)

**સંસ્થાના સેવાભાવી નિવૃત્ત પૂર્વ પ્રમુખો**
**શ્રી સૌમિલ જીતેન્દ્રભાઈ મોદી તથા શ્રી સમીર જયેન્દ્રભાઈ ગાંધીનું બહુમાન કરવામાં આવશે.**




**: તારીખ :**
**રવિવાર, તા. ૦૨-૧૧-૨૦૨૫**

**: સમય :**
**સવારે ૯.૦૦ કલાક**

**: સ્થળ :**
**બિરલા માતૃશ્રી સભાગૃહ, મરીનલાઈન્સ**

**: ટિકીટનું વિતરણ:**
**રવિવાર, તા. ૨૬-૧૦-૨૦૨૫**
**: સમય :**
**સવારે ૯.૦૦ થી ૧૧ કલાક**

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે**

- **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસ :** વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. રોડ પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ -૪
- **વાંદરા થી ગોરેગામ : અજય પ્રવીણચંદ્ર દોશી : મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬,** ૫૦૪, કેશવ એપાર્ટમેન્ટ, બાબુભાઈ વશી રોડ, બજાજ રોડની બાજુમાં, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૭.
- **મલાડ : કમલેશ ચંદ્રકાંત દોશી : મોબાઈલ : ૯૦૦૪૬૨૧૦૬૨,** ૬/૨૦ ધ મલાડ હાઉસિંગ સોસાયટી, ૪ થે માળે, પોદાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૭.
- **કાંદિવલી : સન્ની સંજય ગાંધી : મોબાઈલ : ૯૯૩૦૮૪૭૬૩૦,** એ/૪૫, સાંઈ નગર બિલ્ડીંગ, એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
- **બોરીવલી : તેજસ હેમેન્દ્ર શાહ : મોબાઈલ : ૯૩૨૪૩૫૦૭૩૫,** સી/૩૦૨, સુમેર નગર, કોરા કેન્દ્રની સામે, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨.

**નોંધ : વધેલી ટિકીટો નીચેના સ્થળેથી પ્રાપ્ત કરવી**
શ્રી મનોજ રસિકલાલ પરીખ (૯૮૨૦૪૩૯૧૩૪) મયુર ટ્રેડીંગ કોર્પોરેશન, ૧૫૮/૧૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, પહેલા માળે, મુંબઈ - ૪૦૦૦૦૩. સમય : બપોરે ૨ થી ૪ કલાક

**મંત્રી**
**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક**
**ઉર્મિલ નવીનચંદ્ર કડકીઆ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ઘરીવાળા) પુરસ્કૃત

## ૭૨ મો વાર્ષિક રસોત્સવ

## મુખ્ય મહેમાન

## શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીઆ (મલમ)



આ વર્ષના રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) નો પરિચય આપવો તે સંસ્થા માટે ગર્વ લેવા જેવી બાબત છે. તેઓ શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી ચૂકેલા આપણાં ગામના એક સંનિષ્ઠ અને સક્રિય કાર્યકર છે.

તેમનો જન્મ બાલાસિનોર ગામમાં માર્ચ, ૧૯૩૦માં થયો. આ વર્ષે તેઓએ ૯૫ વર્ષ પૂરાં કર્યાં છે. તેમણે વાડાસિનોરની કોરોનેશન હાઈસ્કૂલમાં મેટ્રિક સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી, આજીવિકા અર્થે ૧૯૪૯માં મુંબઈ પ્રતિ પ્રયાણ કર્યું. મુંબઈમાં તેમના મોટાભાઈ સાથે ધંધામાં જોડાયા. પ્રમાણિકતા, ઉત્સાહ અને ખંતથી ધંધાનો વિકાસ કર્યો અને ૧૯૮૧ માં પોતાની આગમી મે. નિમીષ બુક ડેપોની સ્થાપના કરી ધંધામાં હરણફાળ ભરી મક્કમ કદમ ઉઠાવ્યું.

શ્રી મનહરભાઈએ બાહોશ કુશળ વ્યાપારી તરીકે ધનોપાર્જન પ્રત્યે જ લક્ષ કેન્દ્રીત ન કરતાં, જ્યારે જ્યારે બાલાસિનોરની વિવિધ સંસ્થાએ દાનની ટહેલ તેમની સામે મૂકી છે, ત્યારે તેમણે છૂટા હાથે દાન આપી, દાનની ગંગા વહેતી મૂકી છે. આજે બંધ થઈ ગયેલ કોઠારી હોસ્પિટલની 'મલમ બ્લડ બેંક' માં પણ તેઓએ પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો હતો. વાડાસિનોરની જનતાના સામાજીક, આર્થિક, તબીબી તેમજ શૈક્ષણિક ઉત્થાન માટે સેવાકાર્ય કરતી અનેક સંસ્થાઓને આર્થિક બળ પૂરું પાડી પ્રેરણા આપતા રહ્યાં છે. આ ઉપરાંત અનેક નાના મોટાં દાન સહજપણે નિષ્કામ ભાવે તેઓ તરફથી થતાં જ રહે છે.

અનેક સામાજીક સંસ્થાઓમાં તેઓ સક્રિય રસ લઈ, પોતાની આગવી સેવાઓ આપતા હતાં. છેલ્લા ઘણાં વર્ષોથી ગાર્ડન ગ્રુપમાં ખજાનચી તરીકે તેઓ અમૂલ્ય સેવાઓ આપતા રહ્યાં હતાં. ધનવંતરી ભવન કો.ઓપ. સોસાયટીમાં જ્યાં તેઓ રહે છે, તે સોસાયટીમાં પણ તેઓએ ખજાનચીનું પદ શોભાવ્યું હતું. એકસરસાઈઝ બુક મેન્યુફેકચરીંગ

એસોસિયેશનની કારોબારીમાં પણ તેઓ સક્રિય સભ્ય તરીકે સેવાઓ આપી ચૂક્યા છે.

આટ આટલી જવાબદારીઓ હોવા છતાં શરીર સ્વાસ્થ્ય પ્રત્યે તેઓ એકદમ સજાગ રહ્યાં છે. છેલ્લાં ૬૫ વર્ષથી ગાર્ડનમાં ફરવા તેઓ નિયમીત રીતે જાય છે. ફરવાની નિયમીતતા અને તે દ્વારા મળતી શારીરિક કસરતથી તેઓ આજે ૯૫ વર્ષની ઉંમરે પણ સ્ફૂર્તિ અને તાજગીથી સર્વ કાર્યો કરી, યુવાનોને શરમાવી રહ્યા છે.

હસમુખા, મિલનસાર સ્વભાવના શ્રી મનહરભાઈ અને તેમને સદા સાથ આપનાર મિતભાષી, ધાર્મિક વૃત્તિનાં તેઓના ધર્મપત્ની શ્રીમતી સરલાબેન સાથેનું દામ્પત્યજીવન એક આદર્શ લગ્ન જીવનનું ઉદાહરણ પૂરું પાડે છે. તેમના ત્રણ સુપુત્રો અને એક સુપુત્રી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી માતા-પિતાના સંસ્કારને શોભાવી રહ્યાં છે. બે સુપુત્રો આશિષભાઈ અને હર્ષિલભાઈ અમેરિકા સ્થાયી છે. જ્યારે નિમીષભાઈ પિતાશ્રીની સંગાથે મુંબઈમાં રહે છે. સુપુત્રી હીનાબેન પણ મુંબઈમાં સ્થાયી છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ગોલ્ડન જ્યુબિલી (પચાસ વર્ષ) ની ઉજવણીમાં તેઓએ મુખ્ય મહેમાન પદ શોભાવ્યું હતું. તે સમાજ માટે ગર્વની વાત છે. શ્રી મનહરભાઈ મિલનસાર, દૃઢ નિશ્ચયી, ગંભીર છતાં હસમુખા, સક્રિય સેવા-ભાવી કાર્યકર અને સખાવતી દાતા છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત ૭૨ મા વર્ષના રસોત્સવના મુખ્ય મહેમાનના પદનો શ્રી મનહરભાઈએ સ્વીકાર કર્યો તે ઘણો જ આનંદ અને ગર્વ લેવા જેવી બાબત છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર

# દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

સતત દસમા વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય આપવામાં આવશે.

મુંબઈમાં વસતા કુટુંબોને તા. ૦૬-૧૦-૨૦૨૫ થી તા. ૧૮-૧૦-૨૦૨૫ સુધી **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** કાર્યાલય ખાતે નીચે જણાવેલ સમય દરમ્યાન સહાય આપવામાં આવશે.

બહારગામમાં વસતા કુટુંબોને મની ઓર્ડર મારફતે સહાય આપવામાં આવશે. બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને મણિકાંતભાઈ કડકીઆ મારફતે સહાય આપવામાં આવશે.

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ સ્ટેશન સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪**

**સમય : સોમવાર થી શનિવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક, રવિવાર સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક**

**મંત્રી**
**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક**
**મયુર રજનીકાંત શાહ (૯૮૬૯૭૬૭૧૪૨)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ અને
## શ્રીમતી લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) પુરસ્કૃત
## ઉપનગર વિભાગ



# દાંડિયા રાસ



**રવિવાર, તા. ૨૧-૦૯-૨૦૨૫, રવિવારે, સાંજે ૫.૩૦ કલાક**

**સ્થળ : શ્યામ સત્સંગ ભવન, આદર્શ નગર, શ્રવણ નગર, ગૌરવ હાઈટ્સની સામેની ગલી, કાંદિવલી (વેસ્ટ), મેટ્રો સ્ટેશન, ન્યૂ લિંક રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.**

**નોંધ : ગાડી તથા સ્કૂટરનું પાર્કિંગ હોલના કમ્પાઉન્ડમાં મળશે.**

**દાંડિયા રાસ ઉંમર પ્રમાણે ગ્રુપ પાડીને રમાડવામાં આવશે.**

આ સાથે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી શ્રીમતી મણીબેન મણિલાલ શાહ (ઝાટ) હસ્તે શ્રી રાજુભાઈ મણિલાલ શાહ પુરસ્કૃત પારિતોષિક વિતરણ યોજના હેઠળ ઉપનગર વિભાગમાં રહેતા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ - ૨૦૨૫ (Academic Year 2024-2025) માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને પારિતોષિક આપવામાં આવશે. જેમાં નર્સરી, કે.જી. અને ધોરણ ૧ થી ૯ ની પરીક્ષાનો સમાવેશ થાય છે. દરેક ધોરણમાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષ કોપી) પાછળ પૂરુંનામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને તા. ૧૦-૦૯-૨૦૨૫ સુધીમાં નીચે જણાવેલ મુજબ સભ્યોનો સંપર્ક કરવો અને માર્કશીટ મોકલી આપવા વિનંતી.

**જમવાના માટે સૂચના** **જમવાની કુપન રૂા. ૨૦૦/- વ્યક્તિ દીઠ રાખેલ છે.**

**કુપન તા. ૧૦-૯-૨૦૨૫ થી તા. ૧૯-૯-૨૦૨૫ સુધી નીચે જણાવેલ કાર્યકર્તા પાસેથી લઈ લેવા વિનંતી.**

૧. **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસ : :** વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. રોડ પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ -૪. બુધવારે બંધ. રવિવારે સવારના ૯.૩૦ થી ૧૧.૩૦. **સંપર્ક : સુરેશભાઈ - મોબાઈલ :. ૮૮૭૯૫૨૭૩૩૮**

૨. **શ્રી સન્ની સંજય ગાંધી :** ૪૭/એ, સાંઈ નગર બિલ્ડીંગ, એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭. **સંપર્ક : મોબાઈલ : ૯૯૩૦૮૪૭૬૩૦**

૩. **મયુર ટ્રેડિંગ કોર્પોરેશન (શ્રી મનોજભાઈ પરીખ) :** ૧૫૮, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧ લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩ સમય : સોમવાર થી શનિવાર. સવારે ૧૨.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી. **સંપર્ક : મોબાઈલ : ૯૮૨૦૪૩૯૧૩૪**

૪. **શ્રી કમલેશ ચંદ્રકાંત દોશી :** ૬/૨૦ ધ મલાડ કો.ઓ.હાઉસિંગ સોસાયટી, ૪ થા માળે, પોદાર રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૯૭. **સંપર્ક : મોબાઈલ : ૯૦૦૪૬૨૧૦૬૨**

૫. **શ્રી ઊર્મિલ નવીનચંદ્ર કડકીઆ :** બી-૫૦૩, રશ્મિ કુંજ, સેવન હેવન કો.સો.લી., કસ્તુરબા રોડ નંબર-૨, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૬, **સંપર્ક : મોબાઈલ : ૯૮૧૯૧૮૩૩૭૯**

૬. **શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી :** ૫૦૪, કેશવ એપાર્ટમેન્ટ, બાબુભાઈ વશી રોડ, બજાજ રોડની બાજુમાં, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૭. સવારે ૧૦.૦૦ થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી. **સંપર્ક : મોબાઈલ :** ૯૮૧૯૩૪૨૮૫૬

**મંત્રી**
**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક**
**સુનીલ મોદી (ઠાસરાવાળા)**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી રસિકલાલ સાંકરલાલ કડકીઆ અને
## શ્રીમતી લીલાબેન રસિકલાલ કડકીઆ (રેણાવાળા) પુરસ્કૃત

## ઉપનગર વિભાગ

## દાંડિયા રાસ

## મુખ્ય મહેમાન

# શ્રી કિરણભાઈ રસિકલાલ મોદી (ચોધરી)



શ્રી કિરણભાઈ રસિકલાલ મોદી (ચોધરી) નો જન્મ તા. ૨-૬-૧૯૫૪ના રોજ આણંદ જિલ્લામાં આવેલા સોજીત્રા ગામમાં ગં.સ્વ. સ્નેહતાબેન અને સ્વ. રસિકલાલ રમણલાલ મોદી (ચોધરી) ના ઘરે થયો હતો. તેઓ ત્રણ ભાઈ-બહેનોમાં સહુથી મોટા પુત્ર, નાના ભાઈ જયેશભાઈ અને બહેન છાયાબેન આમ ટોટલ ત્રણ ભાઈ-બહેનોનો પરિવાર.

શ્રી કિરણભાઈ Sydenham કોલેજ મુંબઈથી વર્ષ (૧૯૭૪) બી.કોમ. (ગ્રેજ્યુએટ) થયા હતા. વર્ષ ૧૯૭૫માં સારસ્વત બેંકમાં જોડાઈને તેમણે તેમની કારકિર્દીની શુભ શરૂઆત કરી હતી. તેઓની આ કારકિર્દી દરમિયાન (Faculty Member of Training College) ફોરેન એક્સચેન્જ ડિપાર્ટમેન્ટ) તરીકે સેવા આપી હતી. આ પદેથી તેઓએ વર્ષ ૧૯૯૬ માં રાજીનામું આપીને પોતાના સ્વતંત્ર રીતે પ્રાઈવેટ કોચીંગ ક્લાસ શરૂ કર્યા હતા, અને યંગ જનરેશન કોચિંગથી શરૂઆત કરી હતી.

તેઓ લગ્નગ્રંથીથી ૧૯૭૯માં સ્વ. સૂર્યાબેન અને શાંતીલાલ ધારીઆ (દલાલ) ની સુપુત્રી શૈલીનીબેન સાથે જોડાઈને લગ્ન જીવનની શરૂઆત કરી હતી. તેમના દાંમ્પત્ય જીવન થકી બે પુત્રનો જન્મ થયો. એમાં મોટા પુત્ર શ્રી હિમાંશુભાઈ ચાર્ટડ એકાઉન્ટન્ટ અને કંપનીના સેક્રેટરીની ડિગ્રી ધરાવે છે અને ઈન્ડો સ્પેસ કંપનીમાં સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ પણ છે. તેમના લગ્ન ચિ. શિવાની સાથે થયા. તેઓ આર્ટસમાં ગ્રેજ્યુએટ છે, અને પ્રાઈવેટ કોચીંગ ક્લાસ ચલાવે છે. તેમના નાના પુત્ર શ્રી રાહુલ પણ ચાર્ટટ એકાઉન્ટન્ટની ડિગ્રી ધરાવે છે તેઓ WNC માં સીનીયર ગ્રુપ મેનેજર (ફાઈનાન્સ) માં કાર્યરત છે. તેમના લગ્ન ચિ. શ્રુતિ સાથે થયા. તેઓ ફેશન ડિઝાઈનર છે. તેમને એક ૧૨ વર્ષની દિકરી છે તેનું નામ Tvishi છે.

શ્રી કિરણભાઈ અત્યારે નિવૃત્ત જીવનમાં પોતાનું અમૂલ્ય યોગદાન શ્રી બાલાસિનોર વિદ્યામંડળ માં સહમંત્રી થકી અને શ્રી બાલાસિનોર બોરીવલી ટ્રસ્ટમાં ઉપ પ્રમુખ તરીકે સેવા આપીને કરી રહ્યાં છે. તેઓશ્રી મૃદ સ્વભાવના અને ઉદારદિલ દાતા પણ છે. તેઓ આજે તેમના બંન્ને પુત્રો અને પોતાના પરિવારજનો સાથે બોરીવલી વેસ્ટમાં નિવાસ કરે છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઉપનગરના આ વર્ષના પ્રથમ પ્રોગ્રામના દાંડિયારાસ પ્રસંગે, આવા સરળ અને ઉમદા દિલના શ્રી કિરણભાઈને અતિથિ વિશેષ તરીકે પ્રાપ્ત થવા બદલ સંઘ ગૌરવની લાગણી અનુભવે છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શનિવાર, તા. ૧૪-૬-૨૦૨૫ના રોજ યોજાયેલ ૭૫ મી વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૭૫મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૧૪ મી જૂન ૨૦૨૫ના રોજ સાંજે ૦૬.૪૫ કલાકે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના કાર્યાલય, વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. રોડ પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦૦૦૪ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં કુલ ૩૦ સભ્યો હાજર રહ્યા હતા.

કોરમના અભાવે આ બેઠક અડધા કલાક માટે મુલતવી રાખવામાં આવી હતી, અને તે જ દિવસે નિયત સમયના અડધા કલાક પછી સાંજે ૭.૧૫ કલાકે મિટીંગ યોજાઈ હતી અને એજન્ડા પ્રમાણે કામકાજ હાથમાં લેવામાં આવ્યું હતું.

સેક્રેટરી શ્રી અલ્પેશભાઈ ધારીઆએ માનનીય સભ્ય શ્રી યોગેશભાઈ ધારીઆને સંઘની ૭૫ મી વાર્ષિક સામાન્ય સભાનું અધ્યક્ષપદ સંભાળવા અને સંચાલન કરવા માટે વિનંતી કરી.

તેઓએ સભામાં હાજર રહેલા તમામ સભ્યોનું સ્વાગત કર્યું અને બધાને વર્ષ દરમિયાન જ્ઞાતિના તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા માટે ઊભા થઈને એક મિનિટનું મૌન પાળવા વિનંતી કરી.

પછી તેમણે મિટીંગનો એજન્ડા વાંચી સંભળાવ્યો.

**૧. મિનિટ્સ**

સેક્રેટરી શ્રી અલ્પેશ ધારીઆએ ૭૪ મી વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ વાંચી સંભળાવી. તેને મંજૂરી આપવામાં આવી અને સમર્થન આપવામાં આવ્યું તથા નીચે જણાવેલ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

'આથી ઠરાવ કરવામાં આવ્યો કે, શ્રી બાલાસિનોર નવયુવક સંઘની વર્ષ ૨૦૨૪-૨૫ ની ૭૪ મી વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ વાંચીને, મંજૂર કરીને તેને પાસ કરવામાં આવી.'

**પ્રોપોઝડ બાય : શ્રી જતીન એન. દેસાઈ**
**સેકન્ડેડ બાય : શ્રી વિનીત જી. પરીખ**

**૨. વર્ષ ૨૦૨૪-૨૫ માટે મેનેજીંગ કમિટી રિપોર્ટ પ્રાપ્ત કરવો, તેના પર વિચારવિમર્શ કરવો અને તેને અપનાવવો.**

માનનીય સેક્રેટરી શ્રી અલ્પેશ ધારીઆએ ૩૧-૩-૨૦૨૫ ના રોજ પૂરા થતા સમયગાળા માટે સંઘના કાર્યનો અહેવાલ જનરલ બોડી સમક્ષ રજૂ કર્યો હતો. તે અંગે ચર્ચા બાદ નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

'ઠરાવ કરવામાં આવ્યો છે કે ૩૧-૩-૨૦૨૫ ના રોજ પૂરા થતા સમયગાળા માટે સંઘના કાર્યકાળ માટે માનનીય સેક્રેટરીનો અહેવાલ આથી સ્વીકારવામાં આવે છે અને મંજૂર કરવામાં આવે છે.'

**પ્રોપોઝડ બાય : શ્રી અજીત એન. મોદી**
**સેકન્ડેડ બાય : શ્રી નિમીષ એન. દેસાઈ**

**૩. ૩૧ માર્ચ ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા વર્ષ માટે સંઘના ઓડિટેડ એકાઉન્ટ પ્રાપ્ત કરી, હિસાબ મેળવી તેને ધ્યાનમાં લેવા અને અપનાવવા.**

પ્રમુખશ્રી ની વિનંતી બાદ, સંઘના ખજાનચી શ્રી જતીન કોટિઆએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓડિટેડ બેલેન્સશીટ, આવક અને જાવકના હિસાબ અને ઓડિટરનો અહેવાલ મંજૂરી માટે રજૂ કરવામાં આવ્યો હતો. આ અંગે સવાલોના સંતોષકારક જવાબો ખજાનચી દ્વારા પ્રાપ્ત કરીને આ અંગે વિગતવાર ચર્ચા કર્યા પછી નીચે મુજબનો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

'સંઘની ઓડિટેડ બેલેન્સશીટ એટલે કે, આવક અને જાવકના હિસાબ, બેલેન્સશીટ અને વર્ષ ૨૦૨૪-૨૫ નો ઓડિટર્સ રિપોર્ટ અપનાવવામાં અને તેને મંજૂર કરવામાં આવે છે.'

'વધુમાં એવો ઠરાવ પસાર કરવામાં આવે છે કે, મેનેજીંગ કમિટીને તેની સાથે સંબંધિત તમામ કાર્યો કરવા માટે અધિકૃત કરવામાં આવશે.'

**પ્રોપોઝડ પાય : શ્રીમતી સોનલ એસ. મોદી**

**સેકન્ડેડ બાય : શ્રીમતી ચેતના એ. મોદી**

**૪. વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓડિટરની નિમણૂંક કરવી અને તેમનું પગારભથ્થુ નક્કી કરવું.**

ઓડિટરની નિમણૂંક માટે, નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

'આ સાથે ઠરાવ પસાર કરવામાં આવ્યો કે સંઘના વર્ષ ૩૧-૩-૨૦૨૫ ના રોજ પૂરા થતા સમયના એકાઉન્ટનું ઓડિટ કરવા માટે મેસર્સ આઈ.ઓ.ધારીઆ એન્ડ કંપનીને સંઘના ઓડિટર તરીકે નિયુક્ત કરવામાં આવે છે. વધુમાં એવો ઠરાવ પણ પસાર કરવામાં આવે છે કે, મેનેજીંગ કમિટીને આ કાર્ય માટે માનદ વેતન નક્કી કરવાનો અને ચૂકવવા માટે અધિકૃત કરવામાં આવે છે.'

**પ્રોપોઝડ બાય : શ્રીમતી નૂતનબેન ગાંધી**

**સેકન્ડેડ બાય : શ્રીમતી શોભનાબેન દોશી**

**૫. શ્રીમતી શાંતાબેન શાંતિલાલ શાહ (ચોકસી) શૈક્ષણિક પુરસ્કાર વિતરણ યોજના હેઠળ શૈક્ષણિક પુરસ્કારોનું વિતરણ કરવું.**

શ્રી યોગેશભાઈ ધારીઆએ, શ્રી જીગર કડકીઆને વિનંતી કરી તેઓ આગળ આવી વિદ્યાર્થીઓને ઈનામના કવર અર્પણ કરે.

**૬. વર્ષ ૨૦૨૫-૨૦૨૭ માટે પ્રમુખ પદની ચૂંટણીનું પરિણામ જાહેર કરવું અને ચૂંટણી કમિશ્નર તરફથી મળેલા સૂચન પર વિચાર કરવો.**

શ્રી યોગેશભાઈ ધારીઆએ, સંઘના ચૂંટણી કમિશ્નર શ્રી જતીન દેસાઈને ચૂંટણીનું પરિણામ રજૂ કરવા વિનંતી કરી.

તેઓએ ગૃહને માહિતી આપી કે, આ પદ માટે એક જ ફોર્મ શ્રી જીગર મણિકાંત કડકીઆનું પ્રાપ્ત થયું છે.

આમ, બંધારણ ૧૫ (૬) મુજબ તેઓએ, શ્રી જીગર મણિકાંત કડકિઆને ૨૦૨૫-૨૦૨૭ માટે પ્રમુખ જાહેર કર્યા, અને તેમને શ્રી બાલાસિનોર નવયુવક સંઘના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળવા માટે વિનંતી કરી.

**૭. અન્ય કોઈ બાબત પ્રમુખશ્રીના ડેસ્ક પરથી**

આ પોઈન્ટ ઉપર કોઈપણ જાતની ચર્ચા થઈ નથી.

**૮. પ્રમુખશ્રીનું સંબોધન**

પ્રમુખ, શ્રી જીગર કડકીઆએ ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કર્યું, અને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સંઘના દાન આપવા બદલ તમામ દાતાશ્રીઓનો આભાર માન્યો. વર્ષ ૨૦૨૪-૨૫ ના દરેક કાર્યક્રમને ભવ્ય રીતે સફળ બનાવનાર એવા દરેક સભ્યોની મહેનત અને ખંત બદલ આભાર માન્યો હતો.

**વોટ ઓફ થેન્કસ**

બીજો કોઈ મુદ્દો ન હોવાથી, અધ્યક્ષના આભાર સાથે આ મિટીંગને વિરામ આપવામાં આવ્યો હતો.

**કન્ફર્મ ઓફ**

**પ્રમુખશ્રી**

# જીંદગીના ત્રણે પડાવોનું વિશ્લેષણ

**- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

નિખાલસ બાળપણ - ક્યાંથી આવ્યો ?
કર્મયોગી જવાનીનું જોશ - શા માટે આવ્યો ?
આનંદમય સ્મરણોનાં સંભારણા - ક્યાં જવાનું છે ?

આજના આ કળિયુગમાં કોઈને ટાઈમ નથી કે છેલ્લે ક્યાં જવાનું છે ? અને શું કરવું યોગ્ય છે ? કારણ કે શરૂઆતમાં જાણ્યું કે ૮૪ લાખ યોનીમાંથી એક ખૂબ અમૂલ્ય યોની કે જે મનુષ્યોની છે અને જે આપણને પરમાત્માએ આનંદમય જીવવા માટે આપી છે પણ સાથે સાથે કર્મ જે સારા અને ખરાબ ગણાય તેનાં પોટલાં પણ બાંધીને જન્મ સાથે મળ્યા છે. જે છોડતાં જવાં કે બીજા બાંધતા જવા તે જાણવું યોગ્ય છે. સહુથી સહેલું છે કે સાત્વિકજ્ઞાની ગુરુ મળી જાય તો તેની આંગળી પકડીને સલાહનાં માર્ગે ચાલવાથી આ મનુષ્યયોની સાર્થકતા અને સાત્વિકતાથી જીવી જાણી પોટલાનો ભાર ખતમ કરી શૂન્યમાંથી જન્મીને શૂન્યતામાં મળી જઈ જીવનને ધન્ય કર્યું કહેવાય ?

કારણ કે મૃત્યુ થાય છે ત્યારે આત્મા મરતો નથી, પણ શરીર નિર્જીવ થઈ જાય છે. આત્માતો તમારા કર્મોના હિસાબ વધારાના વધારેલા યા ઘટાડેલા બચેલા પોટલાં અને શરીરના ભોગવતા રોગો લઈને આગળ વધે છે. કારણ કે આત્મા તો અમર છે, અને મળેલા દેહ, શરીર સુખ અને દુઃખ આ જન્મમાં ભોગવે છે.

માનો તો આ બધું સાચુ લાગે છે અને ન માનો તો અનુભવોનો ભંડાર છે. બાળપણમાં તેની શરૂઆતનાં વર્ષોમાં જ બચપણના મગજનું ઘડતર થાય છે. પછીની ઉંમરમાં તો તે આજુબાજુના ઉછેર, વાતાવરણ અને સુઘડ વાંચન કે વ્યાખ્યાન સત્સંગના ઉપાયો અને અનુભવોથી ઘડાય છે.

ઉત્તમ છે કે જીવનનું મેનેજમેન્ટ શ્રી કૃષ્ણ પાસેથી શીખવા મળે છે અને કપરા કાળમાં જ માણસને અંતરનું ડોકિયું કરવાની ફુરસદ મળે છે કારણ કે આપણે કળિયુગમાં જીવન જીવીએ છીએ.

ભક્તિમાર્ગથી મીઠાસની ચરમસીમા મનુષ્ય પોતાની અંદર અનુભવી શકે છે. તે બુદ્ધિમાન અને ફળદાયી નીવડે છે. પુષ્ટિમાર્ગ ઉત્તમ માર્ગ છે. ભક્ત તેને મળતાં પરિણામોમાં નહિ પણ તે વસ્તુ કરવામાં આનંદ અનુભવી, જે કરે તેમાં સમર્પિતની ભાવના કરે છે. પસાર થયેલ માનવીને પરિસ્થિતીનું સંપૂર્ણ જ્ઞાન થઈ શકે છે. જેમ મરજીવાને દરિયાના તળિયા સુધી જવાથી જ અણમોલ મોતી મેળવી શકે છે. ધર્મનો અર્થ છે કર્તવ્ય, ફરજ, ડ્યુટી, જવાબદારી અને ઈમાનદારી. દુનિયા પણ અજબ છે. મૃત્યુમાં ઈન્સાનને કાંધ દેવા પડાપડી કરે છે, પણ જીવતા માણસને સહાય દેવામાં કતરાય છે. અહંકાર અને સ્વાર્થ છોડયા વિના સારું કામ થઈ શકતું નથી. સંસારના બધા પદાર્થમાં સમયનું મહત્વ સર્વોપરી છે. વ્રજનો ગ્વાલ ભક્ત નિરાભિમાની હોવાથી દેવની પ્રાપ્તિ જોઈ.

જ્ઞાનના સમાન નૈત્ર નથી. સત્યના સમાન તપ નથી. રાગ સમાન દુઃખ નથી અને ત્યાગના સમાન કોઈ સુખ નથી. દરિદ્ર ધનહીન નથી પણ ભાવહીન દરિદ્ર હોય છે. આજના કળિયુગમાં મનુષ્યએ ભૌતિક ઉન્નતિ કરી છે, પરંતુ માનવતાના ક્ષેત્ર મેળવવું તેની સૌથી જરૂરી અને મહત્વનું છે.

ભક્તિનો અર્થ છે પ્રેમ, સેવા, ઉદારતા, પવિત્રતા અને ભક્તિનું સ્મરણ. જેમાં સમર્પણ અત્યંત જરૂરી છે. જે સત્સંગથી સાત્વિક અને નિખાલસતાને ઉચ્ચભાવના તરફ દોરી જાય છે. તત્વજ્ઞાનનાં તરંગો આસપાસ લહેરાય છે અને છેલ્લા પડાવ માટે અત્યંત આવશ્યક અને ઉત્તમ છે લખવું, સાંભળવું અને સમજવું ખૂબ જ ત્રણે પડવા માટે મહત્વનું છે, પણ જીવનમાં ઉતારવું ખૂબ કઠીન છે.

# 'બાલાસિનોરનની ઝાંખી'ના પુસ્તક વિશે અભિપ્રાય

આદરણીય દિલીપભાઈ મોહનલાલ શાહ સાહેબ, કુશળ હશો.

વતનપ્રેમ કોને ના હોય ?

આમ અમસ્તુ કાનના પડદે એક વાત અથડાઈ કે જન્મ સ્થળે મારો જન્મ થયેલ છે એવા બાલાસિનોર શહેરની અસ્મિતા વિશે બાલાસિનોરની પ્રેમગાથા બાલાસિનોરથી હજારો માઈલો દૂર યુ.એસ.એ. જેવા વિકસિત સમૃદ્ધ દેશમાં વસવાટ કરનારા બાલાસિનોરના વતનપ્રેમી આદરણીય દિલીપભાઈ મોહનલાલ શાહના નિર્દોષ કલમે 'બાલાસિનોરની ઝાંખી' ના મથાળે અને શિર્ષકે ઉમદા પુસ્તકનું ઘડતર કરેલ તે વાત જાણતા મને ઉત્સુકતા જાગી અને જેના ભાગ રૂપે આ પુસ્તક તાકીદે મળે તેનો પ્રયાસ કરવામાં આવેલ. જ્યારે પ્રયાસમાં તત્પરતા હોય તો સામેથી ઈચ્છીત વસ્તુ મળી જાય છે. જેથી જ બાલાસિનોર તલાટીની ખડકીમાં વેકેશન ગાળવા આવેલ રશ્મિકાંત કડકીઆનો સંપર્ક કરી 'બાલાસિનોરની ઝાંખી' ની પુસ્તકની માંગણી કરતાં જેઓ દ્વારા ખુબ જ ટૂંકા ગાળામાં મને વતનપ્રેમી આદરણીય દિલીપભાઈ મોહનલાલ શાહના નિર્દોષ કલમે 'બાલાસિનોરની ઝાંખી' ના મથાળે લખાયેલ પુસ્તક અર્પણ કરવામાં આવલે. સદર પુસ્તક હાથમાં આવતાં એક જ બેઠકમાં પુસ્તક વાંચી નાખતા ખરેખર સને ૧૯૪૨ થી ૧૯૫૮ ના સમયગાળા દરમ્યાનનું આપણું બાલાસિનોર કેવું હતું તેવી કલ્પના માત્રથી મન પ્રસન્ન થઈ ગયેલ. આપણું પુસ્તક જેમ જેમ વાંચતો ગયો તેમ તેમ તમોશ્રી દ્વારા પુસ્તકમાં લખેલ શબ્દોને વાચા મળી હોય તે મુજબ તેઓ કહેતા હતા કે,'બાલાસિનોર એ સંત/ઋષિ/મુનિઓ તથા પીર ઔલીયાની પવિત્ર ભૂમી છે અને આ પવિત્રભૂમીમાં જન્મ લેનાર દિલીપભાઈ મોહનલાલ શાહ કે જેઓ એ ૧૯૫૮માં બાલાસિનોર ગામ છોડયું તેમાં બાલાસિનોર પ્રત્યેનો પ્રેમ અને લાગણી ત્યજેલ નથી. જેથી દિલીપભાઈ મોહનલાલ શાહ ધન્યને પાત્ર છે.' આપની પુસ્તક વાંચ્યા પછી મને આદીલ મનસુરી દ્વારા રચિત ગઝલ યાદ આવી ગઈ. જ્યારે અનિવાર્ય સંજોગોમાં એમણે પોતાનું વતન અમદાવાદ છોડવું પડેલું ત્યારે એ સાબરમતીની હવાને શ્વાસોમાં ભરતાં ભરતાં એમના હૃદયમાંથી ઉઠેલી એક તીવ્ર ચીસ એટલે 'મળે ન મળે' ગઝલની રચના કરવામાં આવેલ અને જે ગઝલના શબ્દો આપની લખેલ પુસ્તકમાં આલેખિત શબ્દોને સ્પર્શતા હોય જેથી નીચે મુજબ ટાંકેલ છે.

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે
ફરી આ દ્રષ્ટ સ્મૃતિપટ ઉપર મળે ન મળે
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો
પછી આ માટીની ભીની અસર મળે ન મળે
પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો
આ હસતા ચહેરા, આ મીઠી નજર મળે ન મળે
ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ના મળે
રડી લો આજ સંબંધોની વીટળાઈ અહીં
પછી કોઈને કોઈની કબર મળે ન મળે
વતનની ધૂળથી માથુ ભરી લઉ 'આદિલ'
અરે આ ધૂળ પછી ઉમરભર મળે ન મળે

આપના દ્વારા લખાયેલ સદરહુ પુસ્તક બાલાસિનોરની અસ્મિતાને વાચા આપેલ છે અને ખાસ કરીને દશાનીમા વણિક સમાજના સભ્યો દ્વારા બાલાસિનોરના વિકાસ માટે જે યોગદાન આપે છે તે ઉડીને આંખે વળગે તેવું છે. કોઈપણ શહેરના ઉત્થાન અને વિકાસ માટે પાયાની જરૂરીયાત શિક્ષણ અને સ્વાસ્થય છે અને જે બંને પાયાની સુવિધાનો પાયો આપશ્રીના સમાજ દ્વારા બાલાસિનોર નગરમાં સ્થાપિત કરેલ અને જે શિક્ષણ બાલાસિનોર નગરમાં વસતા તમામ ધર્મના લોકોને કોઈપણ પ્રકારના જાતીય, ધર્મ, માન્યતા, વિચારો, ભાષાના ભેદભાવ વિના શિક્ષણ અર્પણ કરેલ. જેથી બાલાસિનોર શહેર પ્રગતિના પંથે હોવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. હું પોતે તે જ સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી શૈક્ષણિક શાળામાં ધોરણ ૧ થી કોલેજ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી ત્યારબાદ વકીલાતની પદવી પ્રાપ્ત કર્યા પછી જુદી-જુદી ન્યાયિક અદાલતમાં વકીલાત કરી આજે સને ૨૦૧૧ થી ન્યાયધીશ તરીકે ફરજ બજાવું છું. જેનો શ્રેય આપના સમાજની સંસ્થા દ્વારા સંચાલિત શૈક્ષણિક શાળાને આપવો પડે. બાલાસિનોરમાં સૌંદર્યનું ઉત્તમ સ્થળ કાન્તીલાલ પરીખના બગીચાની ઉત્તમ નિર્માણ સને ૧૯૫૪ માં કરવામાં

આવેલ અને જે બગીચાનું નિર્માણમાં અથાગ પ્રયત્ન આદરણીય નટવરલાલ મોદી દ્વારા કરવામાં આવેલ અને સ્વતંત્રતા સેનાની અને સમાજ સુધારક એવા કાન્તીલાલ પરીખની યાદમાં ‘કાન્તીલાલ પરીખ પબ્લીક પાર્ક’ ના નામથી નિર્માણ કરવામાં આવેલ તેવું આપના પુસ્તકના માધ્યમથી મને જાણવા મળેલ તથા કલકત્તાવાળા કુટુંબે ગામમાં હોસ્પિટલ બનાવી તેમજ ધર્મશાળા બનાવવામાં આવી જે ઉત્તમ તથા પવિત્ર યોગદાન હંમેશા મારા સ્મરણમાં રહેશે. આ તબક્કે મારી સ્વરચિત ગઝલમાં કંડરાયેલ અમુક શેર અહીં પ્રસ્તુત કરવું મને ઉચિત જણાય છે જે નીચે મુજબ ટાંકેલ છે.

નજરોના જામ, આમ છલકાવી તો જો
નીંદર છે કે નહીં આંખ મીચી તો જો
રણમાં પણ ખીલવા લાગશે ગુલાબ
આંખના પર્વતેથી નદી વહેવડાવી તો જો
પાનખર પણ શરમાઈ જશે ફૈઝ
ગુલાબનું એક ફુલ ઉધાર માંગી તો જો

આપશ્રી સને ૧૯૬૪માં ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગની પદવી બરોડામાંથી પ્રાપ્ત કરી બે વર્ષ બાદ આપશ્રીને અમેરિકા જવાની ઉત્તમ તક પ્રાપ્ત થતાં તમોશ્રી અમેરીકા મુકામે ગયેલા અને જ્યાં આપશ્રી સ્થાયી થયેલા. આપશ્રી સને ૧૯૫૮માં ઈલેક્ટ્રીકલ એન્જીનીયરની પદવી મેળવવા બાલાસિનોર છોડયું ત્યારબાદ ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ પદવી મળતાં સુધી તમોશ્રીએ ઘણી તકલીફ, સંઘર્ષનો સામનો કરવો પડેલ તેમ છતાં આપના માર્ગેથી ડગેલ ન હતા અને જેથી આપશ્રીને આપની ધારણા મુજબ ઉત્તમ પરિણામ પ્રાપ્ત થયું.

આપશ્રીના પિતાશ્રી મોહનલાલ લલ્લુભાઈ વસનજીનું વ્યક્તિત્વ સદરહુ પુસ્તકમાં પ્રતિબિંબ થયેલ છે. જે વ્યક્તિત્વ અને તેમના ઉમદા વિચારો, કાર્યો, કર્મના પરિણામના ભાગરૂપે આપશ્રી તથા આપનો વંશજ સફળતાના શિખરો સર કરેલ છે. આપશ્રીના પિતાશ્રીએ જે દુકાન ભાડે રાખી પાંત્રીસ વર્ષ સુધી ધંધો કરેલો જે દુકાન/ધંધો બંધ કર્યો તે વખતે દુકાનમાલિક પાસેથી પાઘડીની કોઈપણ રકમ લીધા વિના દુકાનમાલિકને આભાર માની સદરહુ દુકાન પરત કરેલ જે ઉદાહરણ આપશ્રીના પિતાનું વ્યક્તિત્વ કેવુ હતુ તેનો નિર્દેશ કરે છે.

આપશ્રી દ્વારા સદરહુ પુસ્તકમાં બાલાસિનોર નગરમાં સમાવિષ્ટ જુદા-જુદા વિસ્તાર અને તે વિસ્તાર શાના માટે પ્રચલિત છે તેનું સુંદર રીતે આલેખન કરેલ છે. તથા જે તે સમયના મહાનુભાવો અને અને તેમના ઉમદા તથા સખાવતી કાર્યોનું પ્રમાણિકપણે વર્ણન કરેલ છે. સદરહુ પુસ્તક એ હાલની તથા આવનારી પેઢી માટે સને ૧૯૪૨ થી ૧૯૫૮ સુધી બાલાસિનોર નગર કેવું હતુ તે અરીસા સમાન લેખાશે.

અંતમાં, આપના કોમળ અને પવિત્ર હાથથી લખાયેલ અને આપના સુવિચારોના ઘરેણાથી કંડરાયેલ શબ્દરૂપી પુસ્તક જેને માતૃભાષામાં અનુવાદન કરનાર મીરા દેસાઈની ખંતપૂર્વક અને નિખાલસ ઉમદા કામગીરીને હું હૃદયપૂર્વક બિરદાવું છું તથા સદરહુ પુસ્તક લખવામાં આપને પ્રોત્સાહન પુરુ પાડનાર આપના મિત્રો તથા પુત્ર રૂપેશ, રીતેષનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

આપનો શુભચિંતક

**ઈલીયાસ શેખ @ ફૈઝ**



# HAST MELAPP GARMENTS

YOUR ONE-STOP ETHNIC WEAR DESTINATION FOR FAMILIES

**બાલાસિનોર નિવાસી, હેમંત યોગેશચંદ્ર શાહની પુત્રી, હિરલ કૌશલ લીમ્બચિયાએ તેમના સ્ટાર્ટઅપની સફરના 3½ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા!**

Target Mall, Ground Floor Shop Number 4,5,7,8, First Floor Shop Number 3,4,5,6,7,8, Opposite Raj Mahal Hotel, Chandavarkar Road, Borivali West, Mumbai:400092. Mob No. +91 9167837851.

## ***WE PROUDLY SHARE OUR ASSOCIATION AND PARTICIPATION WITH RENOWNED PERSONALITIES***



AISHWARYA MAJMUDAR - GARBA PRINCESS



BJP MLA - SHRI SUNIL RANE



KINJAL DAVE - GARBA QUEEN

## આપણા બાલાસિનોર અને માનવંતા ગ્રાહકો માટે!

**BUY 1 GET 1 FREE**

ON DGITAL KURTAS



NILESH THAKKAR-KING OF RAAS GARBA



ATHARYA FOUNDATION PRESIDENT & MLA SUNIL RANE- KHADI MOHTSAV

**FLAT 30% OFF UPTO 50% OFF**

T&C

CELEBRATE YOUR TRADITION IN EVERY STYLE—PARTY, CASUAL, OR FESTIVE WEAR! Hastmelapp

# R K ENGINEERING PVT. LTD.

Business without Boundaries

Celebrating 25th ABB Anniversary of Partnership

## AUTHORISED DISTRIBUTOR

ABB — Medium/Low Voltage Switchgear

ABB EV Charging Solutions — Electric Vehicle Charging

ABB Variable Frequency Drives — Variable Frequency Drives

ELMEASURE Possibilities...Infinite — Smart Monitoring, Controlling, Networking

elmex — Terminals, Cts, Panel Products

finder — Relays, Energy Meters, Timers, Spd

ESSEN — Micro Switches, Panel Indication Lamp

socomec Innovative Power Solutions — Automatic Transfer Switches, Change Over Switches, Meters, Ups

TEKNIC — Panel Indication Lamps, Rotary Switches, Plugs And Sockets

Gala No 36, Building No 3, Mittal Indl. Estate, Andheri Kurla Road, Opp. Times Square. Andheri (E), Mumbai - 400 059.

B/24, Sujal Mansion, Bhangwadi, kalbadevi Road, Mumbai - 400 002.

+91 9820140077 / +91 9820045111 / +91 9820597149

dhrutan@gmail.com / sales@rkepl.co.in

www.rkepl.co.in

*With Best Compliments From*

**Arvind Parikh** **Bhavik Parikh**

# ESSEN ELECTRICAL ENTERPRISE®

SCAME INDIA
electrical solutions

legrand
LIVE THE ADVANTAGE

OBO
BETTERMANN

MK
by Honeywell

RR KĀBEL

APAR
Tomorrow's solutions today

Soharab Building, Shop No. 3 & 4, 501 Kalbadevi Road, Opp. Edward Cinema, Mumbai-400002.
Tel.: 022-2201 0018 / 2206 4726 • Mob.: 9967516302 • Email : essenelec@gmail.com

# હિંડોળા ખાટ — યોગ્ય ગરબા જોડો

**નીચે પૂછાયેલા પ્રશ્નો નો જવાબ તેની સામે આપેલા ગીત/ગરબાની કઈ કડીમાં છૂપાયેલો છે ?**

**પ્રશ્નને ગીત/ગરબાની યોગ્ય કડી સાથે જોડો ?**

| પ્રશ્ન | ગીત/ગરબાની કડી |
|---|---|
| ૧. ચકડોળના ચાલકે ચકડોળમાં સવારી કરવા શું શર્ત રાખી છે ? | ક. હાથની પોંચી ક્યાં મૂકી આવ્યા ? કંગન તે કોના ચોરી લાવ્યા ? હો કાન |
| ૨. મંકોડો કયું કામ કરી શક્યો નહીં ? | ખ. રસોઈ કરતી ને ઘેલી ઘેલી ફરતી, આકુળ વ્યાકુળ મન થાય, મોરલી ક્યાં રે વગાડી. |
| ૩. અષાઢી મેઘનું વર્ણન કરતાં કવિ શું કહે છે ? | ગ. ચકડોળ ચઢે, ઊંચે નીચે, જીવતર એવું ચડતું પડતું ઘડીમાં ઉપર, ઘડીમાં નીચે. ભાગ્ય એવું સૌનું ફરતું. |
| ૪. ગોપીઓ કાનુડાને ખોવાયેલાં હાથના ઘરેણાં માટે શું પૂછે છે ? | ઘ. તમે ઓલું લાવજો, પેલું લાવજો, પાન સોપારી પાનનાં બીડા, એલચી દાણા, હોં કે પેલું લાવજો રે હો મારવાડા ! |
| ૫. શયન ભુવનમાં સૂતેલી ગોપીઓ અચાનક કેમ જાગી ગઈ ? | ચ. મારી અંબાને માટે રૂડાં કડલાં લાવજો રે, હાર લાવજો, કડલાં લાવજો, પોંચી લાવજો રે... |
| ૬. અંબા મા ને, લળી લળી ગરબા ગાવામાં કોનો સંગાથ મળ્યો છે ? | છ ચરર ચરર મારું ચકડોળ ચાલે, ચાક્ડચું ચીં ચીં, ચાક્ડચું ચીં ચીં ચાલે. આજે રોકડા ને ઉધાર કાલે. |
| ૭. ગરબે ઘૂમતી ગોરી, મારવાડાને શું શું લાવવાનું સૂચન કરે છે ? | જ. હું તો સૂતી'તી મારા શયન ભુવનમાં, સાંભળ્યો મોરલીનો નાદ, મોરલી ક્યાં રે વગાડી. |
| ૮. કવિ અવિનાશ વ્યાસે ભાગ્યની ગતિને શેની સાથે સરખાવી છે ? | ઝ. તમે વ્રજમાં તે વાંસળી વાજંતા, તમે ગોપીઓના ચિત્તચોર, સુંદિરવર શામળિયા, મહેતા નરસૈંયાના સ્વામી શામળિયા અમને તેડી રમાડયા રાસ, સુંદિરવર શામળિયા. |
| ૯. ગરબે ઘૂમતી ગોરી, સોનીડાને શું શું લાવવાનું સૂચન કરે છે ? | ટ. અષાઢ ઉચારં, મેઘ મલ્હારં, બની બહારં જલધારં, દાદૂર, ડક્કારં, મયૂર પુકારં, તડિયા તારં વિસ્તારં. |
| ૧૦. મોરલીનો નાદ સાંભળી ગોપીઓના મનની દશા કેવી થઈ છે ? | ઠ. પહેલે તે ગરબે-અંબે મા નીસર્યાં, લળી લળી ગરબા ગાય બીજે તે ગરબે-અંબે મા નીસર્યાં, સાથે સખીઓનો સંગાથ |
| ૧૧. વા, વાયા, વાદળ ઊમટયાં, ગોકુળમાં મોર ટહુક્યા ત્યારે શામળિયાને કોણ સાદ પાડે છે ? | ડ. મકોડાને મોકલ્યો માળવે રે 'લેવા, માળવિયો ગોળ મકોડો કેડેથી પાતળો, ગોળ ઊપડયો નવ જાય. |

જવાબ : ૧ - છ, ૨ - ડ, ૩ - ટ, ૪ - ક, ૫ - જ, ૬ - ઠ, ૭ - ઘ, ૮ - ગ, ૯ - ચ, ૧૦ - ખ, ૧૧ - ઝ

# નવરાત્રીમાં લોકગીતોની ઝાકમઝોળ

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

## સાચી રે મારી સત રે ભવાની મા

સાચી રે મારી સત રે ભવાની મા, અંબા ભવાની મા
હું તો તારી સેવા કરીશ મૈયાલાલ
નવ નવ નોરતાં, પૂજાઓ કરીશ મા,
વિરાટનો ગરબો તારો ઝીલીશ મૈયાલાલ...સાચી રે..
જ્યોતિમાં એક તારી છે જ્યોતિ,
તારા સતનું ચમકે છે મોતી,
માડી રે મારી શક્તિ ભવાની મા,
હું તો તારી આરતી ઉતારું, મૈયાલાલ...સાચી રે..
શક્તિ રે, તું તો જગની જનેતા મા,
ભોળી ભવાની મા, અંબા ભવની માત,
હું તો તારાં પગલાં પૂજીશ મૈયાલાલ...સાચી રે..
જગમાં તેં જ એક માયા રચાવી,
દર્શન દેવા તું સામે રે આવી,
માડી રે આવો રમવા ભવાની મા,
હું તો તારાં વારણાં લઈશ મૈયાલાલ...સાચી રે..

## જોબનિયું

જોબનિયું આજે આવ્યું ને કાલ્ય જાશે,
જોબનિયું કાલ્ય જાતું રે' શે
જોબનિયાને માથાના અંબોડામાં રાખો, જોબનિયું....
જોબનિયાને પાઘડીના આંટામાં રાખો, જોબનિયું....
જોબનિયાને આંખ્યના ઉલાળામાં રાખો, જોબનિયું....
જોબનિયાને હરખના હિલોળામાં રાખો, જોબનિયું....
જોબનિયાને હાથની હથેળીમાં રાખો, જોબનિયું....
જોબનિયાને ઘાઘરાની ઘેરમાં રાખો, જોબનિયું....
જોબનિયાને પગની પાનીમાં રાખો,
જોબનિયું કાલ્ય જાતું રે' શે

## ઝૂલણ મોરલી વાગી રે

ઝૂલણ મોરલી વાગે રે રાજાના કુંવર!
હાલોને જોવા જઈયે રે, મોરલી વાગી રે, રાજાના કુંવર!
ઝૂલણ મોરલી.....
ચડવા તે ઘોડો હંસલો રે, રાજાના કુંવર!
પિતળિયાં પલાણ રે, મોરલી વાગી રે, રાજાના કુંવર!
ઝૂલણ મોરલી.....
બાંયે બાજુબંધ બેરખા રે, રાજાના કુંવર!
દશે આંગળીએ વેઢ રે, મોરલી વાગી રે, રાજાના કુંવર!
ઝૂલણ મોરલી.....
માથે મેવાડી મોળિયાં રે રાજાના કુંવર !
ખભે ખંતીલો ખેસ રે, મોરલી વાગી રે, રાજાના કુંવર!
ઝૂલણ મોરલી.....
પગે રાઠોડી મોજડી રે, રાજાના કુંવર!
ચાલે મટકતી ચાલ્ય રે, મોરલી વાગી રે, રાજાના કુંવર!
ઝૂલણ મોરલી.....

## કાંગ ખેતર ગ્યાં' તાં રે

કાંગ ખેતર ગ્યાંતાં રે ગોરી! કાંગ લ્યો,
ઊભાં ઊભાં કાંગ લ્યો,
બેઠાં બેઠાં કાંગ લ્યો,
કાંગ ખેતર ગ્યાંતાં રે ગોરી! કાંગ લ્યો,
ચાલતાં ચાલતાં કાંગ લ્યો,
ધબડ ધોબા કાંગ લ્યો,
કાંગ ખેતર ગ્યાંતાં રે ગોરી! કાંગ લ્યો,
ટોપલો ભરી કાંગ લ્યો,
ખોબલો ભરી કાંગ લ્યો,
કાંગ ખેતર ગ્યાંતાં રે ગોરી! કાંગ લ્યો,
સૂપડું ભરી કાંગ લ્યો,
ખોબો ભરી કાંગ લ્યો
કાંગ ખેતર ગ્યાંતાં રે ગોરી! કાંગ લ્યો

## રત્નકણિકા

H રોજ મોજથી જીવો, આ 'જીવન' છે 'આજીવન' નથી.

H એક ભગવાન જ છે જે ગણ્યાં વગર આપે છે.
અને એક આપણે છીએ કે એનું નામ ગણી ગણી ને લઈએ છીએ.

H અનુશાસનનો અર્થ છે આપણી ભીતર એક સુવ્યવસ્થાનું નિર્માણ કરવાનું.

H લોકો સારાના ચક્કરમાં સાચાને ખોઈ બેસે છે.

H દરિયા કરતા મોજાનો અને મગજ કરતાં વિચારોના ધમપછાડા વધુ હોય છે.

H ડુંગરા ખેડાય, દરિયા પણ ખેડાય, ખેડાય ખેતર અને વન
ગમે તેટલા મથો તો ય ન ખેડાય માનવીના મન !

H 'ખામી' અને 'ખૂબી' બધામાં હોય છે,
'કોતરશો' તો સુંદર મૂર્તિ બનશે અને
'ખોતરશો' તો ખાડો બનશે.

H સ્વાર્થની ઝડપ ભલે ને તેજ હોય, પરંતુ....
મંઝિલ સુધી તો 'નિસ્વાર્થ' જ પહોંચતા હોય છે.

H તમારો ચહેરો દેખાય ને જ્યારે તમે યાદ આવો તો 'ઓળખાણ'
પરંતુ તમે યાદ આવો ને તમારો ચહેરો દેખાય તે 'સંબંધ'.

H મિત્રતા એટલે શું ?
સમજો તો 'ભાવના' છે.
કરો તો 'મશ્કરી' છે.
રમો તો 'ખેલ' છે.
રાખો તો 'વિશ્વાસ' છે.
લો તો 'શ્વાસ' છે.
અને.....
નિભાવો તો 'જીવન' છે.
ભક્તિ અને દોસ્તીમાં તાકાત છે.
ભક્તિમાં રામે હનુમાનને ગળે લગાડયા
અને
દોસ્તીમાં કૃષ્ણે સુદામાના પગ ધોયા

H फरता फरे न कर शके, गुरु करे सब होय
सात द्वीप नौ खंडमें, गुरु से बडा न कोई !

## શબ્દ-સંબંધ

**- નિમીષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)**

શબ્દનો પણ સ્વાદ હોય છે
સત્ય હોય તો કડવો લાગેછે
અસત્ય હોય તો મીઠો લાગે છે
ભૂલનું પણ કદ હોય છે
પોતાની હોય તો નાની લાગે છે
બીજાની હોય તો મોટી લાગે છે
વાતનું પણ અંતર હોય છે.
ગમતી હોય તો ટુંકી લાગે છે
ન ગમતી હોય તો લાંબી લાગે છે.
આંસુના પણ તાપમાન હોય છે
હરખનું હોય તો ઠંડુ લાગે છે
દર્દનું હોય તો ગરમ લાગે છે
સ્વાર્થનો પણ સબંધ હોય છે
ગરજ હોય ત્યારે ગાઢ લાગે છે
ગરજ ના હોય તો વ્યર્થ લાગેછે.

(સંકલન)

## 'ચા' સાથેના ચોઘડિયા

**- શિરીષભાઈ પરીખ (ચા ગરમ)**

H મિત્રો એક જગ્યાએ ભેગા થાવ એટલે **'શુભ'**

H સાથે ચા પીવા માટે ઉપડો એટલે **'ચલ'**

H ચા ના સ્થળ પર પહોચોં એટલે **'લાભ'**

H ચા મોઢામાં જાય એટલે **'અમૃત'**

- ચા પીતા પત્નિ યાદ આવે અને
અંજપો ઉદ્‌ભવે એટલે **'ઉદ્વેગ'**

H ચા પીતા, પત્નીનો કકળાટ યાદ આવે અને
ઉમંગ ઓશરી જાય એટલે **'રોગ'**

H પત્નીથી છુપાવી ચા પીવા ગયા
અને પકડાઈ ગયા તો સમજી લો **'કાળ'**

**ખાસ નોંધ :** ચા પીવાના આધારે તેના ચોઘડિયા અને આવતા પરિણામથી ગભરાયા વગર ચા પીવા જરૂર જવાનું.




- ડૉ. રજત મોદી

Mukesh Chand Mathur (22 July 1923 – 27 August 1976), popularly known simply as Mukesh, was a prominent playback singer of Hindi cinema





National Flag Day is observed on July 22 and commemorates the Constituent Assembly's 1947 adoption of India's tricolour flag,




Bal Gangadhar Tilak (23 July 1856 – 1 August 1920) was a scholar, mathematician, philosopher, and radical nationalist who helped lay the foundation of India's independence. He founded the 'Indian Home Rule League' in the year 1914




22 July 1947 The National Flag of India was adopted by the Constitution of India on this day.







आज के दिन २४ जुलाई १ ९ ३ २ में रामकृष्ण मिशन सेवा प्रतिष्ठान की स्थापना हुई थी । रामकृष्ण मिशन की स्थापना रामकृष्ण परमहंस के परम शिष्य स्वामी विवेकानन्द ने की।





Today is National Broadcasting Day. On this day in 1927, the first ever radio broadcast in the country went on air from the Bombay Station under the Indian Broadcasting Company. On the 8th of June, 1936, the Indian State Broadcasting Service became All India Radio (AIR).

આતિથ્ય

## ફરાળી માલપુવા

- સુધા-રાજેશ

**સામગ્રી :** સાબુદાણાનો લોટ, મોરૈયાનો લોટ, શિંગોડાનો લોટ, રાજગરાનો લોટ (દરેક લોટ ૪ ચમચી), શેકલો દૂધનો મોળો માવો ૩ ચમચી, એલચીનો પાવડર ૨ ચમચી, કાજુ પાવડર ૨ ચમચી



**રીત :** બધા લોટ મિક્ષ કરી દૂધ ઉમેરી જાડું ખીરું તૈયાર કરવું. પછી સ્ટફિંગ તૈયાર કરવા. શેકેલો દૂધનો મોળો માવો, એલચી પાવડર, કાજુ પાવડર મિક્ષ કરો. કડાઈમાં ૨ ચમચી ઘી નાખી ગ્રીસ કરવું અને બનાવેલું તૈયાર ખીરું તેના પર પાથરવું. થોડીવાર પછી ઉથલાવવું. ઉથલાવ્યા પછી તેના પર બુરું ખાંડ નાખી વચ્ચે સ્ટફિંગ તૈયાર કરેલું નાખી તેના પર બીજો પહેલેથી જે તૈયાર કરેલો માલપુવો છે તે મૂકી દેવો. હળવા હાથે સહેજ દબાવવું. હવે તેને ઉતારી બદામ-પીસ્તાની કતરણ નાખી સર્વ કરો.

## ફરાળી પનીર ડ્રાય ફ્રુટ રોલ

**સામગ્રી :** ૫૦ ગ્રામ છીણેલું પનીર, બુરું ખાંડ ૩ ચમચી, એલચી પાવડર ૧ ચમચી, ૫૦ ગ્રામ સિંગ દાણાનો ભૂકો.

**રીત :** ઉપરનું બધું મિક્ષ કરી લેવું. થેપલી બનાવી તેમાં કાજુ-બદામ-દ્રાક્ષની કતરણ નાખવી. નાના-નાના મુઠીયા જેવું વાળવું. પછી ફ્રીજમાં સેટ કરવા ૪ કલાક મુકવું. પછી બહાર કાઢી એ રોલને કટ કરવા. ફ્રીજમાં દસ દિવસ રહે છે.

## ફરાળી પુરણપોળી

**રીત :** પુરણની રીત (૧ ચમચી ઘી કડાઈમાં લઈ ગરમ કરી લેવું. તેમાં ૪ થી ૫ નંગ બાફેલા બટાકાનો માવો નાખવો. બુરું ખાડં ૧૨૫ ગ્રામ નાખવી. ૨ ચમચી એલચીનો પાવડર, અડધી ચમચી જાયફળ પાવડર, ૨ ચમચી ખસ ખસ નાખવી, ઘટ્ટ થાય ત્યાં સુધી હલાવવું. પછી ઠંડુ પાડવું. દોઢ કપ રાજગરાનો લોટ, તેમાં ૨ ચમચી શિંગોડાનો લોટ નાખી પાણીથી બાંધવો. નાના લુવા કરવા. આરા લોટ અથવા રાજગરાના લોટનું અટામણ લઈ એક લુવો વણવો. અને તેના પર ઉપરનું પુરણ ૧ ચમચી મૂકી કચોરી જેવું બંધ કરી ફરીથી સહેજ વણવું અને નોન સ્ટીક પર ઘી થી શેકી લેવું. હવે સર્વ કરો.

## ફરાળી સાબુદાણાની કટલેસ

**રીત :** ૪ નંગ બાફેલા બટાકાનો માવો લઈ તેમાં ૧૫ થી ૨૦ મિનીટ પલાળેલા દોઢ ચમચી સાબુદાણા, ૩ ચમચી રાજગરાનો લોટ, ૨ ચમચી આદુ-મરચાની પેસ્ટ, ૨ ચમચી ટોપરાનું ખમણ, અડધી ચમચી શેકેલા જીરાનો પાવડર, ૪ ચમચી શેકેલા સિંગદાણાનો પાવડર, ૨ ચમચી બુરું ખાંડ, લીંબુના ફૂલ ટેસ્ટ પ્રમાણે તથા મીઠું નાખી મિક્ષ કરવું.

હવે કટલેસના બીબામાં મૂકી કલટેસ બનાવવી. પછી કટલેસને રાજગરાને લોટમાં રગદોળી શેલો ફ્રાય કરવી. હવે સર્વ કરો ગ્રીન ચટણી સાથે.



# નેપાળના પશુપતિનાથ મહાદેવ

**- નિમીષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)**

વિશ્વમાં ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગ છે. આ બાર જ્યોતિર્લિંગમાં ભલે નેપાળના પશુપતિનાથ મંદિરનો સમાવેશ ન થતો હોય પરંતુ આ મંદિરનું હિન્દુ ધર્મમાં અને શિવભક્તોમાં અનેરૂ મહત્વ ધરાવે છે. પશુપતિનાથ મંદિર એક પ્રસિદ્ધ અને પવિત્ર હિંદુ મંદિર છે જે નેપાળની રાજધાની કાઠમાંડુ ઘાટીના પૂર્વ ભાગમાં બાગમતી નદીના કિનારે દેવપાટન ગામમાં આવેલું છે. આ મંદિર પાંચમી સદીમાં બનેલું છે અને પછી મલ્લ રાજાઓ દ્વારા ફરી તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ મંદિરની આસપાસ અન્ય હિંદુ અને બૌદ્ધ દેવતાઓના મંદિર પણ છે.

પશુપતિનાથને લઈને માન્યતા છે કે આ શિવલિંગ ઉત્તરાખંડમાં મંદાકિની નદીના કિનારા ઉપર વસેલાં કેદારનાથ જ્યોતિર્લિંગનો જ અડધો ભાગ છે. પશુપતિનાથને ભગવાન શિવનું માથુ અને કેદારનાથને ભગવાન શિવની પીઠ માનવામાં આવેલ છે. પશુપતિ શબ્દનો અર્થ થાય છે તમામ જીવમાત્રના સ્વામી. નેપાળના કાઠમાંડુથી ત્રણ કિલોમીટરના અંતરે આવેલું છે. પશુપતિનાથ મંદિર હિમાલયમાં આવેલા પંચકેદાર સાથે જોડાયેલું છે. જેનું વર્ણન સ્કંધ પુરાણના કેદારખંડમાં આવે છે. પંચકેદારમાં પ્રથમ કેદારનાથ છે, દ્વિતીય મધ્યમહેશ્વર છે, તૃતીય તુંગનાથ, ચોથા રૂદ્રનાથ અને પાંચમાં કલ્પનાથ કે કલ્પેશ્વર છે.

પશુપતિનાથ વિશે પૌરાણિક કથા એવી છે કે મહાભારતના યુદ્ધમાં પાંડવો દ્વારા પોતાના ગુરૂઓ તથા સગાસંબંધીઓનો વધ કરવા બદલ ભગવાન ભોલેનાથ પાંડવોથી નારાજ થઈ ગયા હતા. ભગવાન શ્રીકૃષ્ણના કહેવાથી જ પાંડવો ભગવાન શિવ પાસે ક્ષમા માંગવા, પાપથી મુક્તિ મેળવવા ભગવાન શંકરના આશીર્વાદ પ્રાપ્ત કરવાની ઈચ્છા હતી એટલે પાંડવો ભગવાન શંકરની શોધમાં હિમાલય પહોંચ્યા. ભગવાન શિવ એમની ભ્રાતૃહત્યાથી રોષિત હતા એટલે એમને દર્શન આપવા માંગતા ન હોતા તેથી તે અંતર્ધાન થઈ કેદારમાં આવીને વસ્યા. ગુપ્ત કાશીમાં પાંડવોને જોઈને ભગવાન શિવ ત્યાંથી અંર્તધ્યાન થઈ ગયા અને એ સ્થાન ઉપર પહોંચી ગયા જ્યાં હાલ કેદારનાથ આવેલું છે. ભગવાન શિવનો પીછો કરતાં-કરતાં પાંડવો કેદારનાથ પહોંચી ગયા. આ જગ્યાએ પાંડવોને આવેલા જોઈને ભગવાન શિવે એક બળદનું રૂપ ધારણ કર્યું અને આ વિસ્તારમાં જ ચરી રહેલા બળદોના ટોળામાં સામેલ થઈ ગયા જેથી પાંડવો તેમને ઓળખી ન જાય, એમ છતાં દૈવીશક્તિથી પાંડવોએ એમને ઓળખી લીધા એટલે ભીમે વિશાળ રૂપ ધારણ કરી બે પહાડો પર પોતાના બે પગ ફેલાવી દીધા. બીજા ગાય બળદ પશુઓ તો એ બે પગ નીચેથી નીકળી ગયા પણ બળદ રૂપે પેલા ભગવાન શિવ ભીમના બે પગની વચ્ચેથી નીકળવા તૈયાર ન થયા એટલે ભીમને ખ્યાલ આવી ગયો કે આ બળદ રૂપે શિવજી જ છે તેથી તે તેમને પકડવા તૈયાર થયા, તે જોઈ ભગવાન શિવ જમીનમાં ઉતરવા લાગ્યા. તેમના શરીરનો નીચલો ભાગ ભૂમિમાં ઊંડે ઉતરી ગયો તેમ છતાં ભીમે એ બળદની ત્રિકોળ આકારની પીઠનો ભાગ પકડી લીધો તેમની હૃદયપૂર્વક સ્તુતિ કરી અને સગાસંબંધીઓની હત્યાના પાપ બદલ ક્ષમા માંગી અને એમાંથી મુક્ત કરવા પ્રાર્થના કરી. ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોને પાપ મુક્ત થવા બતાવેલો ઉપાય સફળ થયો. ભગવાન શિવ પાંડવોની ભક્તિથી પ્રસન્ન થઈ તેમણે દર્શન આપી એમને પાપ મુક્ત કર્યા. ભગવાન શિવ ત્યાં એજ સ્વરૂપે એવા જ શિવલિંગ આકારે બળદની પીઠ પરના ત્રિકોણાકાર આકારના શિવલિંગ રૂપે બિરાજમાન થઈ ગયા.

ભગવાન શિવ બળદના રૂપમાં જમીનમાં અંતર્ધાન થયા ત્યારે તેમના ધડનો ઉપરનો મસ્તકનો ભાગ નેપાળમાં કાઠમાંડુમાં પશુપતિનાથ રૂપે પ્રગટ થયો, એમની ભૂજાઓ તુંગનાથમાં, મુખ રૂદ્રનાથમાં, નાભિ મધ્ય મહેશ્વરમાં અને જટા કલ્પેશ્વરમાં પ્રગટ થઈ એટલે આ ચાર સ્થાનો સાથે કેદારનાથ ધામને પંચકેદાર કહેવામાં આવે છે.

બીજી એક લોક માન્યતા એવી છે કે ભગવાન શિવ અને માતા પાર્વતી કાઠમાંડુ ઘાટીમાં આવ્યા હતા અને બાગમતી નદીના કિનારે વિશ્રામ કર્યો હતો. આ જગ્યાનું કુદરતી સૌંદર્ય તેમને પસંદ આવ્યું એટલે તેમણે હરણ અને હરણીનું રૂપ લઈ

ત્યાંના જંગલમાં ફરવાનું શરૂ કર્યું અને થોડો સમય ત્યાં નિવાસ કર્યો. દેવોએ ભગવાન શિવ-પાર્વતીને શોધવા છતાં ના મળ્યા અને અહીયાં તેમનાં દર્શન થયાં. તે સમયે ભગવાન શિવે જાહેરાત કરી કે બાગમતી નદીના કિનારે હરણના રૂપમાં તે રહ્યાં એટલે તેમને અહીં પશુપતિનાથ તરીકે ઓળખવામાં આવશે.

એકવાર કામધેનુ ચંદ્રવન પર્વત ઉપરથી દરરોજ નીચે આવી જ્યાં ભગવાન શિવનું શિવલિંગ હતું ત્યાં પોતાની દૂધથી શિવલીંગ ઉપર અભિષેક કરતી હતી. લોકોને આ જોઈ કૌતુહલ થયું અને લોકોએ ખોદકામ કર્યું તો તેમને ત્યાં શિવલિંગ મળી આવ્યું હતું. અહીં ભગવાન શિવજીની પાંચ મુખવાળી મૂર્તિ મળી આવી, આ પાંચ મુખ અલગ ચાર દિશા અને ગુણોનો પરિચય આપે છે. ઓમકારની ઉત્પત્તિ ભગવાન શિવજીના આ પાંચ મુખથી થઈ છે જે પંચમહાભૂતોનું રૂપક છે. દક્ષિણ તરફના મુખને અઘોર મુખ, પશ્ચિમ તરફના મુખને સદ્યોજાત, પૂર્વ તરફના મુખને તત્પુરુષ , ઉત્તર તરફના મુખને અર્ધનારીશ્વર અને ઉપર તરફના મુખને ઈશાન મુખ કહેવામાં આવે છે. પશુપતિનાથનું શિવલિંગ ચમત્કારિક છે. તે પારસ પથ્થર જેવું છે જે દૈવી શક્તિથી વ્યક્તિમાં ગુણાત્મક પરિવર્તન લાવી દે છે. થોડા સમયમાં પણ અહીં યોગ સાધના કરે તો સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે.

પશુપતિનાથ મંદિર વિશે એવું કહેવાય છે જે કોઈ વ્યક્તિ આ મંદિરના દર્શન કરે છે તેનો પશુ યોનિમાં જન્મ થતો નથી. નેપાળમાં તેમને રાષ્ટ્રીય દેવતા માનવામાં આવે છે.

---

## આસો સુદ ૧
## નવરાત્રી / નવવિલાસ આરંભ / અંકુરારોપણ

- તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)

આસો સુદ પડવો નવરાત્રી નવવિલાસ કહે છે (અંકુર - રોપણ કરાય છે) આસો સુદ ૧ થી આસો સુદ ૧૦ સુધી નવવિલાસનું વ્રત પ્રભુ મિલન માટે વ્રજાંગનાઓની લીલા છે. દેવી પૂજનના બહાને પ્રભુનો મિલાપ વ્રજ ભક્તોએ કર્યો છે. નવ ભક્તોએ સામગ્રી વગેરે અનેક રમણલીલાના મનોરથો કરી પ્રભુને પધરાવી વ્રજ ભક્તોએ તન, મન અને ધનથી પ્રસન્ન કર્યા છે. આ ભાવનાને નવવિલાસ કહેવામાં આવે છે. સુદ એકમે માટીનાં દશ વાસણોમાં (ઘઉં, જવ, તલ, મગ) અનાજ નાખીને વવાય છે તેને અંકુર રોપણ કહે છે, કારણ કે પ્રતિદિન નવીન અંકુરો ફૂટે છે તેથી નવ દિવસ રાજભોગમાં એક નવી સામગ્રી ધરાવાય છે.

પ્રભુવિરહમાં ઝુરતાં શ્રી સ્વામિનીજીએ સખીજનો સાથે નવવિલાસ વ્રત આદર્યું, તેથી એકમથી જ્વારા વાવ્યા અને પ્રભુમિલનની આશામાં નાચગાન કરી દિવસો પસાર કરે છે. નવ ભક્તોને દશમાં નિર્ગુણ ભક્તના ભાવની આ લીલા છે.

૧. **પ્રથમ વિલાસ**ની ભાવનામાં **સ્થળ નિકુંજ ભવન** અને મુખ્ય **સખી ચંદ્રાવલીજી** છે.
૨. **બીજા વિલાસ**ની ભાવનામાં **સ્થળ સંકેત વિહાર** અને મુખ્ય **સખી મધ્યાજી** છે.
૩. **ત્રીજા વિલાસ**ની ભાવનામાં **સ્થળ નિકુંજ મહેલ** અને મુખ્ય **સખી વિશાખાજી** છે.
૪. **ચોથા વિલાસ**ની ભાવનામાં **સ્થળ પરા સોલી – વન વિહાર** અને મુખ્ય **સખી ચંદ્રભાગાજી** છે.
૫. **પાંચમાં વિલાસ**ની ભાવનામાં **સ્થળ કદળીવન** અને મુખ્ય **સહચરી સંજાવલીજી** છે.
૬. **છઠ્ઠા વિલાસ**ની ભાવનામાં **સ્થળ ગોધનવન** અને મુખ્ય **સહચરી રાઈજી** છે.
૭. **સાતમા વિલાસ**ની ભાવનામાં **સ્થળ ગહવરવન** અને મુખ્ય **સહચરી કૃષ્ણાવતીજી** છે.
૮. **આઠમાં વિલાસ**ની ભાવનામાં **સ્થળ શાંતનકુંડ** અને મુખ્ય **સહચરી ભામાજી** છે.
૯. **નવમાં વિલાસ**ની ભાવનામાં **સ્થળ બંસીવટ** અને મુખ્ય **નવધા ભક્તો** છે.

આ નવ વિલાસની ભાવનાના પદ શ્રી હરિરાયજીએ રસિક છાપથી રચેલાં છે.

રિશિલ ગિરીશભાઈ શાહ ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર વિદ્યા મંડળ

## સામાન્ય સભાની નોટીસ

તા. ૨૧-૭-૨૦૨૫

સુજ્ઞ મહાશય,

ઉપરોક્ત મંડળની અઠ્ઠાવનમી (૫૮ મી) વાર્ષિક સામાન્ય સભા નીચે જણાવેલ કામકાજ માટે નીચે જણાવેલ સ્થળે અને સમયે રાખવામાં આવી છે, તો આપશ્રીને હાજર રહેવા વિનંતી છે.

### કામકાજની યાદી

૧. ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.
૨. સને ૨૦૨૪-૨૦૨૫ વર્ષના કારોબારી સમિતીના નિવેદનની નોંધ લેવા બાબત.
૩. સને ૨૦૨૪-૨૦૨૫ વર્ષના મંડળના તથા કૉલેજના ઓડીટેડ હિસોબા રજુ કરવા બાબત.
૪. સને ૨૦૨૫-૨૦૨૬ વર્ષના મંડળના અંદાજપત્રને મંજૂર કરવા બાબત.
૫ મંડળના ઓડિટરની સને ૨૦૨૫-૨૦૨૬ વર્ષ માટે નિમણૂંક અને તેમનું વેતન નક્કી કરવા બાબત.
૬. પ્રમુખશ્રીની અનુમતિથી જે રજૂ થાય તે.

**સામાન્ય સભાની તારીખ : ગુરુવાર, તા. ૨૧-૮-૨૦૨૫**

**સામાન્ય સભાનો સમય : સાંજના ૪.૦૦ કલાક**

**સભાનું સ્થળ : સી.એન્ડ એસ.એચ. દેસાઈ આર્ટ્સ કૉલેજ અને એલ.કે.એલ.દોશી કોમર્સ કૉલેજ, બાલાસિનોર**

**લી.**

**મંત્રીઓ**

**શ્રી મયુર રજનીકાન્ત શાહ** **ડો. નગીનદાસ અચરતલાલ શાહ**

**શ્રી કિરણભાઈ રસિકલાલ મોદી** **શ્રી પ્રદિપકુમાર અરિવંદકુમાર ત્રિવેદી (વકીલ અને નોટરી)**

**નોંધ :** ફોરમના અભાવે સામાન્ય સભા મુલતવી રહેશે તો બંધારણ મુજબ તે દિવસે તે જ સ્થળે અડધા કલાક બાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવશે અને તે વિધિસરનું ગણાશે.

## પ્રશંસનીય દાન

- આપણી સંસ્થાને દરિયાદિલ દાતા શ્રી હિતેન્દ્રભાઈ દેવદત્તભાઈ ત્રિવેદી તરફથી રૂા. ૨૫,૦૦૦/- (અંકે પચીસ હજાર પૂરા) નું માતબર દાન મળ્યું છે.
- એક સંનિષ્ઠ દરિયાદિલ દાતાશ્રીનું નામ નહીં આપવાની શરતે કૉલેજના એક અધ્યાપક તરફથી વિદ્યાર્થીઓ માટે 'સેલો' ની ખુરશી નંગ-૧૦૦ દાન પેટે મળી છે.

સંસ્થા સૌ કારોબારી સભ્યો જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરતાં કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે. પરમ કૃપાળુ પરમાત્માને દાતા પરિવારો ઉત્તરોત્તર સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતી વતી.**

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે
દર વર્ષની જેમ માદરે વતન વાડસોલ ખાતે
દિવાળી પર્વ દરમ્યાન (વાઘબારસ થી ભાઈબીજ) સુધી
વણીક વાડીમાં સવાર અને સાંજના ભોજનની વ્યવસ્થા રાખેલ છે.
વધુ વિગત આવતા અંકમાં આપવામાં આવશે.

**વધુ સંપર્ક માટે નીચે જણાવેલ મુજબ વ્યક્તિનો સંપર્ક કરવો.**

**શ્રી લલીતભાઈ - ૯૮૨૦૦૭૩૩૦૩**
**શ્રી કેદાર ગાંધી - ૯૮૨૧૬૮૪૭૭૨**
**શ્રી સુધીરભાઈ - ૯૩૭૨૪૩૬૫૯૪**
**શ્રી મનોજભાઈ - ૯૮૨૦૪૩૯૧૩૪**


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**
**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)
**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**: ઘરનું સરનામું :**
૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન,
ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦ ૦૯૨.
**મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

**।। જય શ્રી કૃષ્ણ ।।**
**રાધે રાધે**







સ્વર ને સંગીતનો અનેરો સંગમ
**શુભારંભ**
સંગીત ગ્રુપ
દાંડિયા, લગ્નગીત, સંગીતસંધ્યા
બર્થડે-પાર્ટી , એનિવરસૅરી, જુનાગીતો
ટ્રેક શો, ભજનસંધ્યા, પ્રાર્થના સભા
સંગીતકાર :- રણજીતભાઈ ભરતભાઈ ડોસા
9821172223 / 9221318333
No Network Pls Call On Whatsaap

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે જૂલાઈ- ૨૦૨૫ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | શાંતાબેન અને કાંતીલાલ લાલચંદ દોશી (તેમજ દવાની કુલ માફી રૂા. ૧૧,૧૨,૧૩૪) | મેડીસીન વિભાગ | ૬૨૨૯ |
| ૨. | શ્રીમતી મણીબેન મણીલાલ ધારીઆ | ડીસ્પેન્સીંગ વિભાગ | ૨૬૦૯ |
| ૩. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ વિભાગ | ૬૪૭ |
| ૪. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) | ગાયનેક વિભાગ | ૬૯૪ |
| ૫. | શ્રીમતી ઈંદુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સા વિભાગ | ૧૬૪ |
| ૬. | શ્રી મોજીલાલ છોટાલાલ ધારીઆ | ફિઝિયોથેરાપી વિભાગ | ૫૨૬ |
| ૭. | શ્રી પૂનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ) | ઈમરજન્સી વિભાગ | ૧૧૨ |
| ૮. | શ્રીમતી ઈચ્છાબેન ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) | મોબાઈલ વિભાગ | ૨૬૭ |

**મળીને કુલ ૪૫૨૮ દર્દીઓએ ઓ.પી.ડી. માં લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૯. | શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ | એક્સરે વિભાગ | ૪૬૩ |
| ૧૦. | શ્રી મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ | સોનોગ્રાફી વિભાગ | ૧૦૦ |
| ૧૧. | શ્રી ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ | પેથોલોજી વિભાગ | ૪૧૪૭ |
| ૧૨. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ ડ્રેસીંગ | ૧૮૮ |
| ૧૩. | શ્રીમતી મંજુલાબેન રજનીકાંત શાહ (નગરશેઠ) | ઈન્ડોર વિભાગ | ૧૦૫૯ |

તેમજ સર્જનના ૧૨ મેજર ઓપરેશન તથા ૨૮ માઇનોર ઓપરેશન અને ગાયનેકના મેજર ઓપરેશન ૩૫, માયનોર ૦૭ તથા ઈ.એન.ટી.ના ૫૩ માયનોર ઓપરેશન કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૧૧,૧૨,૧૩૪/-, તેમજ ઈન્ડોરમાં રૂા. ૪૮,૦૯૦/-ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ,એક્ષરે,ઓક્સીજન વિગેરેમાં) રૂા. ૪૬,૨૫૦/- ની માફી મળીને કુલ રૂા.૧૨,૦૬,૪૭૪/- ની માફી કરવામાં આવેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**(૧) કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પઃ** માહે જૂલાઈ -૨૦૨૫ ના માસમાં ૪૧ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

**(૨) મણીબેન મોહનલાલ શાહ(વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઇકોકેમ્પ :** માહે જૂલાઈ ૨૦૨૫ ના માસમાં માં કુલ ૧૧૮ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ છે.

**(૩) શ્રીમતી જશુમતીબેન કીરતનલાલ કડકીઆ અને કાલીન્દી રાજેશ કડકીઆ ઈ.સી.જી. (કાર્ડીઓગ્રામ) કેમ્પ :** માહે જૂલાઈ -૨૦૨૫ ના માસમાં ૨૮૩ ઈ.સી.જી. કરવામાં આવેલ છે. કુલ રૂા. ૧૪,૧૫૦/- ની માફી કરવામાં આવેલ છે.

**(૪) શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ડાયાબીટીસ નિદાન કેમ્પ :** તા. ૩૦-૭-૨૦૨૫ તથા તા. ૩૧-૭-૨૦૨૫ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૯ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૩૩ દર્દીઓના પેથેલોજી ટેસ્ટ રૂા. ૨૧૮૦/-, દવામા માફી રૂા. ૯૮૭૩/- મળીને કુલ રૂા. ૧૨,૦૫૩/- ની માફી કરવામાં આવેલ છે.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશિયાલીટી સેન્ટર (કુણીવાલા કેમ્પસ)**

**માહે જૂલાઈ – ૨૦૨૫ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી લીલાબેન અને ડૉ. બાબુલાલ સાંકરલાલ દેસાઈ | ફિજીશીયન વિભાગ | ૧૩૬૬ |
| ૨. | શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી | ઈ.એન.ટી. વિભાગ | ૨૦૧ |
| ૩. | શ્રી શશીકાંતભાઈ સાંકરલાલ શાહ (નાણાવટી) | ઓર્થોપેડીક વિભાગ | ૨૭૩ |
| ૪. | શ્રી રમણભાઈ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગ | ૨૧૭ |
| ૫. | શ્રીમતી પ્રવિણાબેન દિલીપકુમાર ધારીઆ | દંત વિભાગ | ૪૯ |
| ૬. | શ્રીમતી કોકીલાબેન શિરીશભાઈ મોદી | કેજ્યુલ્ટી વિભાગ | ૧૦૭ |
| ૭. | શ્રીમતી સ્વાતીબેન અને શરદભાઈ જયંતીલાલ કડકીઆ (યુ.એસ.એ.) | ક્રીટીકલકેર વિભાગ | ૧૩૭ |
| ૮. | શ્રીમતી સ્વાતીબેન અને શરદભાઈ જયંતીલાલ કડકીઆ (યુ.એસ.એ.) | મેડીકલ સ્ટોર વિભાગ | ૫૮૫૦ |
| ૯. | શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ (કોલકત્તાવાળા) | મેડીકલ આઈ.સી.યુ. | ૩૯ |

તથા ગેસ્ટ્રોલોજી વિભાગના ૨૩ મળી **કુલ ૨૪૧૨ દર્દીઓએ ઓપીડીમાં** તથા **ઈન્ડોરમાં ૧૦૭ દર્દીઓએ**, એક્ષરે વિભાગમાં ૨૩૦ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં ૧૧૦૧ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૪૬ દર્દીઓએ લાભ લીધેલ છે. દવાની કુલ રૂ. ૩૪,૮૮૬/- ની માફી તથા લેબ માફી રૂા. ૨,૦૨૦/- તથા ઈકો માફી રૂા. ૩૫૦/- તથા ઈન્ડોરની માફી રૂા. ૮૩,૩૦૦/- મળીને કુલ રૂા. ૧,૨૦,૫૫૬/- ની માફી કરવામાં આવેલ છે.

## શ્રીમતી કોકીલાબેન શિરીશભાઈ મોદી 'માનીકોશી' ડાયાલીસીસ સેન્ટર

ડાયાલીસીસમાં સરકારશ્રીની PMJAY યોજના હેઠળ માહે જૂલાઈ -૨૦૨૫ ના માસ દરમિનાય ૧૧૭ દર્દીઓએ લાભ લીધેલ છે. તે તમામ દર્દીઓને સરાકરશ્રીની PMJAY યોજના અંતર્ગત સંપૂર્ણ માફી આપવામાં આવેલ છે.

## 'ગ્રીન્સ ફાઉન્ડેશન (USA) CALIFORNIA આઈ હોસ્પિટલ

આ હોસ્પિટલમાં ઓ.પી.ડી. માં માહે જૂલાઈ -૨૦૨૫ ના માસમાં કુલ ૧૬૭૩ દર્દીઓએ લાભ લીધેલ છે તથા ૧૪૮ ઓપરેશનો રાહતદરે કરવામાં આવેલ છે. તેમજ કુલ રૂા. ૨,૪૧,૬૦૩/- ની માફી આપવામાં આવેલ છે.

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ નર્સીંગ કોલેજની ફી માફી માટે વધુ નોંધાયેલ દાન/વચન**

## ગ્રીન્સ ફાઉન્ડેશન (USA) નર્સીંગ કોલેજ સ્ટુડન્ટ ફી રાહત યોજના''

૧. તારાબેન શાંતિલાલ કડકીઆ પરિવાર — રૂા. ૭,૫૦,૦૦૦/-

આ યોજના હેઠળ કુલ રૂા. ૬૬,૦૬,૬૮૧/- જમા છે. આ યોજના હેઠળ રૂપિયા એક કરોડનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. તો દાતાશ્રીઓને ઉદાર હાથે દાન આપવા વિનંતી છે.

**નોંધ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના આજીવન સભ્યો, ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓના સરનામા તેમજ મોબાઈલ નંબર બદલાયા હોય તો મહેરબાની કરીને નીચે દર્શાવેલા હોદ્દેદારોના ઈમેલ આઈડી ઉપર તથા મો.નં. ઉપર જાણ કરવા વિનંતી.

કે.એમ.જી જનરલ હોસ્પિટલમાં **સર્જીકલ નિદાન તથા ઓપરેશન કેમ્પના નામકરણના રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂા. પાંચ લાખ) ના દાતા આવકાર્ય છે.** આ કેમ્પ બાલાસિનોર નગર તેમજ આજુબાજુના તાલુકાઓની ગરીબ તથા

મધ્યમ વર્ગની જાહેર જનતા માટે આશિર્વાદરૂપ સાબીત થશે. તો આ કેમ્પના નામકરણ માટે બાલાસિનોર નગરવાસીઓને જાહેર અપીલ કરવામાં આવે છે.

નર્સિંગ કોલેજના મકાનનું બાંધકામ ચાલુ છે. નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો દાતાશ્રીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ છે.

આજ સુધી રૂપિયા ૦૫ (પાંચ) કરોડનું દાન દાતાશ્રીઓ દ્વારા મળેલ છે અને **હજુ વધુ રૂપિયા બે કરોડના દાનની રકમની આવશ્યકતા છે.** તો બાલાસિનોરના ઉદાર દિલના સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા માટે જાહેર અપીલ કરવામાં આવે છે.

સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (ભાંડોળ સમિતીના અધ્યક્ષ) (૯૮૨૦૦૩૯૩૦૪) Email : eaglevnd@gmail.com તેમજ આ અંગે અપીલમાં નીચે જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી રાજેન્દ્ર કે. દેસાઈ (પ્રમુખશ્રી) - ૯૮૨૦૦૮૦૧૯૪ - Email : rkdesai1951@gmail.com**
**શ્રી નીતિન પરીખ (ઉપપ્રમુખશ્રી) - ૯૮૨૧૦૩૯૦૮૭ - Email : nitinkmg@gmail.com**
**શ્રી પરેશ પરીખ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૧૦૨૪૩૯૯ - Email : pparikh58@gmail.com**
**શ્રી જતીન દેસાઈ (માનદ્ મંત્રીશ્રી) - ૯૮૨૦૦૪૯૧૩૪ - Email :sujatient@gmail.com**
**શ્રી યોમેશભાઈ શાહ (ખજાનચી) - ૯૩૨૨૨૪૫૧૪૩ - Email :yomesh2611@gmail.com**

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.


**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ – માનદ્ મંત્રીશ્રીઓ**

## પ્રકીર્ણ વિભાગ

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| D દેવ્યાનીબેન વિનયકાંત કડકીઆ (લટકારી) | ૮૯ |
| D સુભદ્રાબેન બાબુલાલ મોદી (પેપરવાલા) | ૯૨ |
| D પરેશભાઈ નટવરલાલ પરીખ | ૭૪ |
| D પ્રમોદભાઈ રસિકલાલ મોદી | ૭૦ |
| D ભુપેન્દ્ર મણિલાલ શાહ (કડુજી) | ૮૨ |
| D સુરેશ કિર્તનલાલ કડકીઆ | ૮૨ |
| D ચેતનભાઈ મુલજીભાઈ દેસાઈ | ૬૯ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**




Thrive Acupuncture Center

Acupuncture Therapy
Dry Cupping Therapy
Wet Cupping Therapy
Fire Cupping Therapy
Marma Therapy
Yoga Therapy
Reiki Healing
Akashic Records Healing

| | | | |
|---|---|---|---|
| Acne/Pimple | Knee Pain | Hiccups | Greying Hair |
| Hair Fall/Loss | Low Back Pain | Constipation | Male Infertility |
| Hives | Cholestrol | Sleep Disorder | Female Infertility |
| Eczema | Acidity | Vision problems | Cancer Support |
| Psoarisis | Heart | Swelling | |
| Itching | Palpitations | PCOS/PCOD | |
| Frozen | Anxiety | Varicose Veins | |
| Shoulder | Depression | | |

Cosmetic Acupuncture - Skin/Hair/ Weight Loss

Visshad Wagghelaa - +91 9004611453
Lic.Acupuncture Therapist - Mah. Govt Council
Address : Shop no.2, Panchsheel Residency, Mahavir Nagar, Kandivali - West, Mumbai - 400067,
Landmark : Opp Radhe Dhokla and Close to Kandivali West Metro Station.

Auth. Distributors
POLYCAB
IDEAS. CONNECTED.

Amrish Kacharia
Director

# Prabhat Wires AK
## Private Limited

Wires That Spark Innovation

**Nayi soch, nayi raftaar**

## OUR PRODUCTS:

- Power cables
- Control cables
- Instrumentation cables
- Solar cables
- Building wires
- Flexible cables
- Specialty cables (welding, submersible, overhead conductors, green wires)

022 - 49724848
+91 9769025153
sales@prabhatwires.in
www.prabhatwires.in

Scan To Know More



**Head Office**
1st Floor,Govind Niwas, 99/101 Lohar Chawl, Mumbai - 400002

**Mumbai ( Wires )**
Shop No-2, Bulakhidas Bldg, Ground Floor, 9/11, Vithaldas Road, Mumbai- 400002

**Mumbai ( Cables )**
Shop No-G-11, Bldg-8, Devkaran Mansion, Vithaldas Road, Mumbai 400002

**Bhiwandi Warehouse**
Survey No- 25/5 & 6, House No.-377, Dapode Road, Bhiwandi-421302

www.prabhatwires.in

GSTIN : 27AAPCP5617E1Z7

Publishing day 20th of every month

48

JYOTI PUNJ - August - 2025

WPP License No. MR/TECH/WPP-147/South/2024-26
Regd.No.MCS / 050 / 2024-26
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.